સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 29

[JULY - 2023]
[16/07/23 to 22/07/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**16 JULY-2023**

- દિવસ મહિમા : 16 જુલાઈ, વિશ્વ સાપ દિવસ (World Snake Day) ...... 02
- ભારતનું સંપૂર્ણ સ્વદેશી મિશન ચંદ્રયાન-3 સફળતાપૂર્વક લોન્ચ ...... 02
- QUESTION ANSWERS ...... 12

**17 JULY-2023**

- દિવસ મહિમા : 17 જુલાઈ, વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ, વિશ્વ ઈમોજી દિવસ ...... 15
- વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2023 ...... 15
- દુલીપ ટ્રોફી 2023 : દક્ષિણ ઝોન ચેમ્પિયન્સ ...... 17
- QUESTION ANSWERS ...... 19

**18 JULY-2023**

- દિવસ મહિમા : 18 જુલાઈ, નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ ...... 20
- નવસારીના વાંસીબોરસી ખાતે પી. એમ. મિત્ર પાર્કનું નિર્માણ થશે ...... 20
- મિશન વાત્સલ્ય યોજના ...... 22
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ફ્રાન્સની મુલાકાત ...... 24
- QUESTION ANSWERS ...... 28

**19 JULY-2023**

- ભારત-યુએઈ સ્થાનિક ચલણ સેટેલમેન્ટ સિસ્ટમ ...... 29
- Export Preparednes Index 2022 ...... 30
- રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક ...... 32
- QUESTION ANSWERS ...... 34

**20 JULY-2023**

- દિવસ મહિમા : 20 જુલાઈ,વિશ્વ ચેસ દિવસ, આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ ...... 35
- ભારત-રશિયા વંદે ભારત ડીલ ...... 35
- ગુજરાતમાં 69માં ફિલ્મફેર એવોર્ડ્સ 2024ના આયોજન માટે TCGL અને વર્લ્ડ વાઈડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે MoU ...... 35
- QUESTION ANSWERS ...... 36

**21 JULY-2023**

- Henley Passport Index 2023 ...... 37
- શ્રી રાકેશ પાલ ભારતીય કોસ્ટ ગાર્ડના મહાનિર્દેશક તરીકે નિયુક્ત ...... 38
- QUESTION ANSWERS ...... 39

**22 JULY-2023**

- દિવસ મહિમા : 22 જુલાઈ, રાષ્ટ્રીય કેરી દિવસ, વિશ્વ મગજ દિવસ ...... 40
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચક્રવાત બિપરજોયથી અસરગ્રસ્ત વિસ્તારો માટે રૂ. 240 કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી ...... 40
- વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે ...... 41
- QUESTION ANSWERS ...... 42

ONE LINER ...... 42

QUESTION OF THIS WEEK ...... 46



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 16 જુલાઈ, વિશ્વ સાપ દિવસ (World Snake Day)

## ભારતનું સંપૂર્ણ સ્વદેશી મિશન ચંદ્રયાન-3 સફળતાપૂર્વક લોન્ચ




- 14 જુલાઈ, 2023ના રોજ ભારતની અવકાશ સંસ્થા ઈસરો દ્વારા ભારતનું ત્રીજું ચંદ્ર અભિયાન ચંદ્રયાન-3 સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું.

### ભારતની સિદ્ધિ

સંભવત : 23 ઓગસ્ટ, 2023ના રોજ જ્યારે આ અવકાશયાનનું લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડ કરશે ત્યારે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનારો વિશ્વનો પ્રથમ દેશ બની જશે.

- ચંદ્ર પર ઊતરવા માટેના અગાઉના તમામ અવકાશયાન વિષુવવૃત્તિય પ્રદેશમાં, ચંદ્ર વિષુવવૃત્તની ઉત્તર અથવા દક્ષિણમાં થોડા ડીગ્રી અક્ષાંશ પર ઊતર્યા છે.
- અને આ ઉપરાંત ભારત ચંદ્રની ધરતી પર પહોંચનારો અમેરિકા, રશિયા અને ચીન બાદ વિશ્વનો ચોથો દેશ બની જશે.

## ચંદ્રયાન-3 ક્યાંથી લોન્ચ થયું હતું ?



ભારતમાં આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ મિશન 14 જુલાઈના રોજ બપોરે 2:35 વાગ્યે લોન્ચ થયું હતું.

## ચંદ્રયાન-3 કયા રોકેટની મદદથી લોન્ચ થયું હતું ?

LVM3-M4 નામના ભારતના સૌથી કદાવાર અને આધુનિક રોકેટ દ્વારા ચંદ્રયાન-3 લોન્ચ કરવામાં આવ્યું હતું.

- LVM3 અથવા લોન્ચ વ્હીકલ માર્ક 3 એ ભારતીય અવકાશ સંશોધન સંસ્થાનું સૌથી ભારે રોકેટ છે.
- LVM3ને અગાઉ જીઓસિંક્રોનસ સેટેલાઈટ લૉન્ચ વ્હીકલ માર્ક III અથવા GSLV MK III કહેવામાં આવતું હતું.
- LVM3 એ ત્રણ ચરણનું ઈસરો દ્વારા વિકસાવવામાં આવેલું રોકેટ છે.
- જેમાં બાજુઓ પર બે નક્કર પ્રોપેલન્ટ S200 સ્ટ્રેપ-ઓન છે અને મુખ્ય સ્ટેજ L110 લિક્વિડ સ્ટેજ અને C25 ક્રાયોજેનિક સ્ટેજ ધરાવે છે.
- આ રોકેટ 4000 કિલોગ્રામ વર્ગના ઉપગ્રહોને 'જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ' (GTO)માં અને 8000 કિલોગ્રામ પેલોડને 'લો અર્થ ઓર્બિટ' (LEO)માં લોન્ચ કરવા સક્ષમ છે.



## ચંદ્રયાન-3ના ત્રણ ભાગ

ચંદ્રયાન-3 નામનું અવકાશયાન ત્રણ વિશિષ્ટ ભાગોમાં વહેંચાયેલું છે.

- તેમાં સ્વદેશી લેન્ડર મોડ્યુલ (LM), પ્રોપલ્શન મોડ્યુલ (PM) અને રોવરનો સમાવેશ થાય છે. જેનો ઉદ્દેશ આંતરગ્રહીય મિશન માટે જરૂરી નવી ટેક્નોલોજી વિકસાવવા અને તેનું પ્રદર્શન કરવાનો છે.
- ચંદ્રયાન-3ના Lander અને Rover ચંદ્રયાન-2 મિશન જેવા જ છે. અને ઈસરોએ ચંદ્રયાન 2 દરમિયાન જે નામ હતા તે જ ચંદ્રયાન-3માં જાળવી રાખ્યા છે.
- લેન્ડર (Lander)નું નામ 'વિક્રમ' તથા રોવર (Rover)નું નામ 'પ્રજ્ઞાન' છે.
- લેન્ડરનું નામ 'વિક્રમ' ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના જનક ડો. વિક્રમભાઈ સારાભાઈના નામ પરથી જ રખાયું હતું.
- પ્રોપલ્શન મોડ્યુલ 100 કિમી ચંદ્ર ભ્રમણકક્ષા સુધી લેન્ડર અને રોવરને કન્ફિગરેશનને વહન કરશે.



- ચંદ્રયાન-3ના પ્રોપલ્શન મોડ્યુલમાં સ્પેક્ટ્રો–પોલરીમેટ્રી ઓફ હેબિટેબલ પ્લેનેટ અર્થ (SHAPE) નામનો નવો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.
- SHAPEનો ઉદ્દેશ્ય પ્રતિબિંબિત પ્રકાશનું પૃથ્થકરણ કરીને સંભવિત રીતે વસવાટ કરી શકાય તેવા નાના ગ્રહોની શોધ કરવાનો છે.
- ચંદ્રયાન 3 લગભગ 42 દિવસ એટલે કે 23 ઓગસ્ટની આસપાસ સંભવતઃ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરશે.
- ત્યારબાદ વિક્રમ નામના લેન્ડરમાંથી પ્રજ્ઞાન નામનું 6 પૈડાવાળું રોવર અલગ થશે.
- લેન્ડર પરના વૈજ્ઞાનિક પેલોડ્સનો ઉદ્દેશ ચંદ્ર પર્યાવરણના વિવિધ પાસાઓનો અભ્યાસ કરવાનો છે.
- આ પેલોડ્સમાં ચંદ્ર ધરતીકંપ, સપાટીના થર્મલ ગુણધર્મો, સપાટીની નજીકના પ્લાઝમામાં ફેરફારો તથા પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અંતરના ચોક્કસ માપનો અભ્યાસ શામેલ છે.
- આ રોવર 500 મીટર સુધીની સફર કરી શકે છે. આ માટે રોવરમાં ગોઠવવામાં આવેલી સૌર પેનલથી તેને વીજળી મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રોવર તથા લેન્ડરનું આયુષ્ય

- આ રોવર તથા લેન્ડરનું મિશન આયુષ્ય 1 ચંદ્ર દિવસ (એટલે કે પૃથ્વી પરના 14 દિવસ) જેટલું છે.

## ચંદ્રયાન-3નું અંદાજિત વજન

(1) પ્રોપલ્શન મોડ્યુલ : 2148 Kg

(2) લેન્ડર મોડ્યુલ : 26 કિલોના રોવર સહિત 1752 Kg

(3) ચંદ્રયાન-3નું કુલ વજન : 3900 Kg

## ચંદ્રયાન-3નો ઉદ્દેશ



ચંદ્રયાન-3 લોન્ચ કરવા પાછળના ભારતના મુખ્ય ઉદ્દેશ આ પ્રમાણે છે :

1. ખૂબ જ મહત્ત્વની ટેક્નોલોજી વિકસાવવી અને તેનું પ્રદર્શન કરવું.
2. ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સરળ ઉતરાણ કરવું.
3. ચંદ્ર પર રોવરની ચાલવાની ક્ષમતાઓનું અવલોકન અને નિદર્શન
4. ઈન–સીટુ વૈજ્ઞાનિક પ્રયોગો કરવા એટલે કે ચંદ્રની રચનાને વધુ સારી રીતે સમજવા માટે ચંદ્રની સપાટી પર ઉપલબ્ધ સામગ્રી પર ઈન–સાઈટ અવલોકન અને પ્રયોગો હાથ ધરવા.

- મિશનના ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે લેન્ડરમાં ઘણી અદ્યતન તકનીકો હાજર છે જેમ કે ;

(a) **અલ્ટીમીટર** : લેસર અને આરએફ આધારિત અલ્ટીમીટર.

(b) **વેલોસીમીટર** : લેસર ડોપ્લર વેલોસીમીટર અને લેન્ડર હોરિઝોન્ટલ વેલોસીટી કેમેરા.

(c) **જડતા માપન** : લેસર ગાયરો આધારિત જડતા સંદર્ભ અને એક્સેલરો મીટર પેકેજ.

(d) **પ્રોપલ્શન સિસ્ટમ** : 800 ન્યૂટન થ્રોટલેબલ લિક્વિડ એન્જિન, 58 ન્યૂટન એટીટ્યૂડ થ્રસ્ટર્સ અને થ્રોટલેબલ એન્જિન કંટ્રોલ ઈલેક્ટ્રોનિક્સ.

(e) **નેવિગેશન, ગાઈડન્સ એન્ડ કંટ્રોલ (NGC)** : સંચાલિત ડિસેન્ટર ટ્રેજેક્ટરી ડિઝાઈન અને સહયોગી સોફ્ટવેર તત્વો.

(f) **હેઝાર્ડ ડિટેક્શન અને એવોઈડન્સ** : લેન્ડર હેઝાર્ડ ડિટેક્શન એન્ડ એવોઈડન્સ કેમેરા અને પ્રોસેસિંગ અલ્ગોરિધમ.

(g) લેન્ડિંગ લેગ મિકેનિઝમ

## ચંદ્રયાન-3માં પેલોડ



ચંદ્રયાન-3 લેન્ડર, રોવર અને પ્રોપલ્શન મોડ્યુલમાં થઈને કુલ છ પેલોડ લઈ ગયું છે.

- ચંદ્રયાન-3ના લેન્ડરમાં ચાર પેલોડ છે જ્યારે છ પૈડાવાળા રોવરમાં બે પેલોડ છે.
- આ સિવાય પ્રોપલ્શન મોડ્યુલમાં પણ એક સ્પેક્ટ્રો પોલરિમેટ્રી પેલોડ (SHAPE) છે જે ચંદ્ર ઉપરથી પૃથ્વીનું સ્પેક્ટ્રમ (વર્ણક્રમીય) અને પોલારિમેટ્રી માપીને અધ્યાન કરશે.
- લેન્ડર પેલોડ્સમાં RAMBHA-LP, ChaSTE, ILSA અને LRAનો સમાવેશ થાય છે.
- જ્યારે રોવરના પેલોડ્સમાં LIBS અને APXSનો સમાવેશ થાય છે.

નોંધ: (1) RAMBHAનું પૂરું નામ 'Radio Anatomy of Moon Bound Hypersensitive ionosphere and Atmosphere' થાય છે.

(2) ChaSTEનું પૂરું નામ 'Chandra's Surface Thermo Physical Experiment' છે.

(3) ILSAનું પૂરું નામ 'Instrument for Lunar Seismic Activity' છે.

(4) LRAનું પૂરું નામ 'LASER Retroreflector Array' છે.


(5) જ્યારે LIBSનું પૂરું નામ 'LASER Induced Breakdown Spectroscope' છે તથા APXSનું પૂરું નામ 'Alpha Particle X-ray Spectrometer' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચંદ્રયાન-3માં ફેરફારો, સુધારાઓ અને અન્ય વિશેષતા

- ચંદ્રયાન-3ના લેન્ડર–રોવર સાથે ચંદ્રયાન-2ના ઓર્બિટર દ્વારા સંપર્ક સાધવામાં આવશે તથા તેમની પાસેથી મળેલી જાણકારી ઓર્બિટર કે સીધા લેન્ડર દ્વારા ઈસરોનું ડીપ સ્પેસ નેટવર્ક રિસીવ કરશે.
- લેન્ડિંગ એરિયાનો વિસ્તાર કરવામાં આવ્યો છે, જે મોટા નિયુક્ત વિસ્તારની અંદર સુરક્ષિત રીતે ઉતરવાની સુગમતા પ્રદાન કરે છે.
- લેન્ડર લેન્ડિંગ સાઈટ અથવા વૈકલ્પિક સ્થાનો સુધીના લાંબા અંતરને આવરી લેવા માટે વધુ ઈંધણથી સજ્જ છે.
- ચંદ્રયાન-2માં માત્ર બે સોલાર પેનલની સરખામણીમાં ચંદ્રયાન-3 લેન્ડરમાં ચાર બાજુ પેનલ છે.
- ચંદ્રયાન-2ના ઓર્બિટરની ઉચ્ચ–રિઝોલ્યુશન ઈમેજનો ઉપયોગ ઉતરાણ સ્થળને નિર્ધારિત કરવા માટે કરવામાં આવશે તથા સ્થિરતા અને શક્તિ વધારવા માટે કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે.
- ચંદ્રયાન-3 પાસે લેન્ડરની ગતિનું સતત નિરીક્ષણ કરવા અને જરૂરી સુધારા કરવા માટે વધારાના નેવિગેશનલ અને માર્ગદર્શન સાધનો છે.
- તેમાં લેસર ડોપ્લર વેલોસિમીટર નામના સાધનોનો સમાવેશ થાય છે, જે લેન્ડરની ગતિની ગણતરી કરવા માટે ચંદ્રની સપાટી પર લેસર બીમને ફાયર કરશે.
- નોંધનીય છે કે ચંદ્રયાન-2થી વિપરિત ચંદ્રયાન-3માં ઓર્બિટર નથી પરંતુ તેમનું પ્રોપલ્શન મોડ્યુલ કોમ્યુનિકેશનની જેમ જ વર્તે છે.
- સુરક્ષિત ઉતરાણ માટે કરવામાં આવેલા ફેરફારોને લીધે પેલોડનું વજન અગાઉના મિશન કરતા થોડું વધારે છે.
- ચંદ્રયાન-3ની લેન્ડિંગ સાઈટ ચંદ્રના દક્ષિણી ધ્રુવની નજીક લગભગ 70 ડિગ્રી સે. પર છે.
- ચંદ્રયાન-3નો અંદાજિત ખર્ચ 615 કરોડ રૂપિયા જેટલો છે.
- સુશ્રી રિતુ કરિધલએ ચંદ્રયાન-3 મિશનના ડાયરેક્ટર તરીકે ભૂમિકા ભજવી હતી. તેમને 'રોકેટ વૂમન' તરીકે ઓળખવામાં આવે છે.

**નોંધ :** ચંદ્રયાન-3માં કાસ્ટીંગ બોડી બનવાનું મશીન જામનગર ખાતે બન્યું હતું.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લેન્ડર-રોવર-ઓર્બિટર શું છે ?

**લેન્ડર**

લેન્ડર એક પ્રકારનું કેરિયર છે જેની અંદર રોવર હોય છે. તે રોવરનું જે–તે સપાટી પર લેન્ડિંગ કરાવે છે. રોવરને સફળતાપૂર્વક સપાટી પર ઉતરવાનું કામ લેન્ડરનું છે.

**રોવર**

રોવર એવું વાહન કે રોબર્ટ છે જે ગ્રહની સપાટી પર ફરી ફરીને ત્યાંથી માહિતી એકઠી કરી ઓર્બિટરને અથવા બીજા કોમ્યુનિકેશન સાધનને મોકલે છે.

**ઓર્બિટર**

ઓર્બિટર જે ગ્રહ અથવા ચંદ્ર પર રોવર ઉતાર્યુ હોય તે ગ્રહના ચક્કર લગાવે છે. રોવર માહિતી ઓર્બિટરને મોકલે છે અને ઓર્બિટર તે માહિતી પૃથ્વી પર પહોંચાડવાનું કામ કરે છે.

## ચંદ્રયાન-3ના પેલોડ અને તેનો ઉદ્દેશ/ઉપયોગ

| પેલોડ | ઉપયોગ/ઉદ્દેશ |
|---|---|
| RAMBHA-LP | નજીકની સપાટીના પ્લાઝમા (આયનો અને ઈલેક્ટ્રોન) ઘનતા અને સમય સાથે તેના ફેરફારોને માપવા. |
| ChaSTE | ધ્રુવીય પ્રદેશની નજીક ચંદ્ર સપાટીના થર્મલ ગુણધર્મોના માપન હાથ ધરવા. |
| ILSA | ઉતરાણ સ્થળની આસપાસ ધરતીકંપ માપવા અને ચંદ્રના પોપડા અને આવરણની રચનાનું વર્ણન કરવું. |
| LRA | ચંદ્ર સિસ્ટમની ગતિશીલતાને સમજવા માટે તે એક નિષ્ક્રિય પ્રયોગ છે. |
| LIBS | ગુણાત્મક અને જથ્થાત્મક નિરંકુશ વિશ્લેષણ અને રાસાયણિક રચના મેળવવા અને ચંદ્ર–સપાટી વિશેની સમજણને આગળ વધારવા માટે ખનીજ રચનાનું અનુમાન લગાવવું. |
| APXS | ચંદ્ર ઉતરાણ સ્થળની આસપાસની ચંદ્રની માટી અને ખડકોની મૂળ રચના (mg, AI, Si, K, Ca, Ti, Fe) નક્કી કરવા. |
| SHAPE | તેનો ઉદ્દેશ્ય પ્રતિબિંબિત પ્રકાશનું વિશ્લેષણ કરીને સંભવિત વસવાટ ક્ષમતા ધરાવતા નાના ગ્રહોની શોધ કરવાનો છે. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક લેન્ડિંગનું મહત્ત્વ

- ઐતિહાસિક રીતે ચંદ્ર પરના અવકાશયાન મિશન તેના અનુકૂળ ભૂપ્રદેશ અને કાર્યકારી પરિસ્થિતિઓના કારણે મુખ્યત્વે વિષુવવૃત્તિય પ્રદેશને લક્ષ્યાંકિત કરે છે.
- જોકે ચંદ્રનો દક્ષિણ ધ્રુવ એ વિષુવવૃત્તિય પ્રદેશ કરતા ઘણો અલગ અને વધુ પડકારજનક ભૂપ્રદેશ છે.
- કેટલાય ધ્રુવીય પ્રદેશોમાં સૂર્યપ્રકાશ દુર્લભ છે, પરિણામે તે પ્રદેશોમાં તાપમાન -230$^0$ C સુધી પહોંચી શકે છે અને ત્યાં કાયમ માટે અંધકાર રહે છે.
- સૂર્યપ્રકાશની અછત સાથે અતિશય ઠંડી સાધનોના સંચાલન અને સ્થિરતા માટે મુશ્કેલીઓ ઊભી કરે છે.
- ચંદ્રનો દક્ષિણ ધ્રુવ આત્યાંતિક અને વિરોધાભાસી પરિસ્થિતિઓ પ્રદાન કરે છે જે માનવો માટે પડકારો બનાવે છે.
- પરંતુ તે તેમને પ્રારંભિક સૂર્યમંડળ વિશે મૂલ્યવાન માહિતીનો સંભવિત ભંડાર પણ બનાવે છે.
- આ વિસ્તારનું અન્વેષણ કરવું મહત્વપૂર્ણ છે જે ભવિષ્યના ઊંડા સંશોધનને પ્રભાવિત કરી શકે છે.
- ભવિષ્યના માનવ મિશન અને ચંદ્ર સંસાધનોના સંભવિત ઉપયોગ માટે પાણીની હાજરીનું અન્વેષણ અને પૃષ્ટિ કરવી જરૂરી છે.

## ચંદ્રયાન-1

ચંદ્રયાન-1 એ ભારત દ્વારા ચંદ્ર પર લોન્ચ કરવામાં આવેલું ભારતનું પ્રથમ ચંદ્રયાન હતું.

- 22 ઓક્ટોબર, 2008ના રોજ તેનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું અને 22 ઓગસ્ટ, 2009 સુધી તેને ઓપરેટ કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ તેનો સંપર્ક કપાઈ ગયો હતો.
- આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડથી PSLV-XL C11 નામના રોકેટ દ્વારા ચંદ્રયાન-1 લોન્ચ કરવામાં આવ્યું હતું.

## ચંદ્રયાન-2

22 જુલાઈ, 2019ના રોજ ISRO એ મિશન ચંદ્રયાન-2 લોન્ચ કર્યુ હતું.

- આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- GSLV MK III-MK1 નામના ભારતના સૌથી કદાવર અને આધુનિક રોકેટ દ્વારા ચંદ્રયાન-2 લોન્ચ કરવામાં આવ્યું હતું.
- 7 સપ્ટેમ્બર, 2019ની મધરાત બાદ લગભગ 1 વાગ્યેને 52 મિનિટે ભારતના ચંદ્રયાન-2નું લેન્ડર વિક્રમ જ્યારે ચંદ્રની ધરતીથી 2.1 કિ.મી. દૂર હતું ત્યારે જ તેની સાથે સંપર્ક કપાઈ ગયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી, ચંદ્રયાન-2 ઈતિહાસ સર્જી શક્યું ન હતું.
- ભારતનું મિશન ચંદ્રયાન-2 ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું :

  (1) Orbiter, (2) Lander (વિક્રમ) અને (3) Rover (પ્રજ્ઞાન)

**(1) Orbiter :**

ચંદ્રયાન-2ના ઓર્બિટરને ચંદ્રની સપાટીથી 100 કિ.મી. દૂરની કક્ષામાં સ્થાપિત કરવું.

**(2) Lander :**

ચંદ્રયાન-2ના લેન્ડર 'વિક્રમ'નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરાવવું અને

**(3) Rover :**

ચંદ્રયાન-2ના રોવર 'પ્રજ્ઞાન' દ્વારા ચંદ્રની ધરતી પરથી માટી અને ખડકોના નમૂના એકત્ર કરવા અને તેનો ડેટા પૃથ્વી સુધી પહોંચાડવો.

- ઉપરોક્ત ત્રણમાંથી ચંદ્રયાન-2નું ઓર્બિટર ચંદ્રની કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપ્તિ થઈ ગયું હતું.
- જ્યારે ચંદ્રયાન-2ના બાકીના બે ઉદ્દેશો પૂરા થાય એ પહેલા જ તેના લેન્ડર 'વિક્રમ' સાથેનો ઈસરોનો સંપર્ક કપાઈ ગયો હતો.
- ચંદ્રયાન મિશન-2 લગભગ 95 ટકા સફળ રહ્યું હતું.
- જોકે ચંદ્રયાન-2નું ઓર્બિટર સુરક્ષિત છે. જે ચંદ્રની પ્રદક્ષિણા કરી રહ્યું છે ..... અને ચંદ્ર વિશે માહિતી આપતું રહેશે.

નોંધ: (1) ચંદ્રયાન-2નું કુલ વજન 3850 Kgથી વધું હતું.

(2) ચંદ્રયાન-2ના લેન્ડર વિક્રમનું અંદાજિત વજન 1471 Kg હતું.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચંદ્રયાન 1, 2 અને 3નો તફાવત

| મિશન | ચંદ્રયાન-1 | ચંદ્રયાન-2 | ચંદ્રયાન-3 |
|---|---|---|---|
| લોન્ચ વર્ષ | 2008 | 2019 | 2023 |
| ઉદ્દેશ્ય | ચંદ્રની સપાટીનો અભ્યાસ કરવો | – ખૂબ જ મહત્ત્વની ટેક્નોલોજી વિકસાવવી અને તેનું પ્રદર્શન કરવું. – જેમાં ચંદ્ર અભિયાન ક્ષમતા, ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ અને ચંદ્રની સપાટી પર ચાલવાનો સમાવેશથાય છે. તથા ચંદ્ર વિશે માહિતી એકત્ર કરવી | લેન્ડરનું ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સરળ ઉતરાણ કરવું – ચંદ્ર પર રોવરની ચાલવાની ક્ષમતાઓનું અવલોકન અને નિદર્શન |
| કોમ્યુનિકેશન | 22 ઓગસ્ટ 2009 સુધી તેને ઓપરેટ કરવામાં આવ્યું | લેન્ડર ક્રેશ–લેન્ડ થયું, રોવર ઓપરેટ કરવામાં અસમર્થ | – |
| લોન્ચ વ્હીકલ | PSLV | GSLV-MK 3 | LVM3 |
| લેન્ડિંગ સાઈટ | – | ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર | ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર |

## જુલાઈમાં જ કેમ ચંદ્ર મિશન હાથ ધરાય છે ?

પૃથ્વી અને ચંદ્ર વચ્ચે અંદાજે 3,84,000 કિ.મી. જેટલું અંતર છે.

- જુલાઈમાં ચંદ્ર અને પૃથ્વીનું અંતર ઓછું હોય છે. આથી, ચંદ્ર મિશન માટે આ સમય યોગ્ય છે.

## ચંદ્ર




ચંદ્ર (Moon) એ પૃથ્વીનો એકમાત્ર ઉપગ્રહ છે, તે પૃથ્વીની સૌથી નજીકનો અવકાશી પિંડ છે.

- ચંદ્ર પૃથ્વીથી આશરે 3,84,000 કિ.મી. દૂર છે.
- તેનો વ્યાસ 3475 કિ.મી. છે.
- ચંદ્ર પોતાની ધરીની ઉપર તથા પૃથ્વીની આસપાસ ફરે છે.
- તેનો ધરીભ્રમણ અને પરિક્રમણ સમય 29.5 દિવસ છે.
- દિવસે ચંદ્રની સપાટીનું ઉષ્ણતામાન વધારે હોય છે, જ્યારે રાત્રે તેનું ઉષ્ણતામાન ખૂબ ઘટી ($-130^0$ સે જેટલું) જાય છે. ચંદ્રની સપાટી પર અનેક મૃત જ્વાળામુખીઓ છે.
- ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળ કરતા આશરે છઠ્ઠા ભાગનું છે. આથી, ત્યાં દરેક વસ્તુ વજનમાં હલકી લાગે છે.
- ચંદ્રનું વાતાવરણ ખૂબ જ પાતળુ છે જેને એક્સોસ્ફિયર કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચંદ્ર પર પ્રથમ પગ મુકનાર વ્યક્તિ



માનવે ચંદ્રની સપાટી પર જુલાઈ 1969માં સૌપ્રથમ પગ મૂકયો હતો.

- 20 જુલાઈ, 1969ના રોજ અમેરિકન અવકાશયાત્રી શ્રી નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્ર પર પગ મૂકનાર પ્રથમ અવકાશયાત્રી બન્યા હતા.
- તેઓ એપોલો 11 મિશનના ભાગરૂપે ચંદ્ર પર પગ મૂકનાર પ્રથમ માનવ બન્યા હતા.

**નોંધ:**
(1) વર્ષ 1969માં સોવિયત યુનિયનના લુના-1 અને 2 ચંદ્રની મુલાકાત લેનાર પ્રથમ માનવરહિત રોવર્સ બન્યા હતા.
(2) એપોલો 11 મિશન મોકલતા પહેલા અમેરિકાએ 1961 અને 1968 વચ્ચે ત્રણ રોબોટિક મિશન મોકલ્યા હતા.
(3) ત્યારબાદ જુલાઈ, 1969 થી વર્ષ 1972 સુધી કુલ 12 અમેરિકન અવકાશયાત્રીઓ ચંદ્રની સપાટી પર પહોંચ્યા હતા.
(4) 2019માં ચીને ચંદ્રની સપાટી પર બે રોવર ઉતાર્યા હતા જેનાથી ચાઈના ચંદ્રની દૂર બાજુએ આવું કરનાર પ્રથમ દેશ બન્યો હતો.
(5) અમેરિકા અને રશિયા ચંદ્ર ઉપર સૌથી સફળ મિશન કરનાર દેશ છે.
(6) અમેરિકા, રશિયા અને ચીન જ ચંદ્ર ઉપર સોફ્ટ લેન્ડિંગ કરવામાં સફળ રહ્યા છે. ચંદ્રયાન 3 લેન્ડ થતા જ ભારત ચોથો દેશ બનશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISRO

ISROનું પૂરું નામ 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર) છે.

- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ) રૂપે તેની સ્થાપના 1962માં થઈ હતી.
- ઈસરોનું વડું મથક કર્ણાટકના બેંગાલુરૂ ખાતે આવેલું છે.
- ઈસરોનું આદર્શ વાક્ય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેકનોલોજી' છે.
- ઈસરોની વેબસાઈટનું નામ www.isro.gov.in છે.

1. ‘વિશ્વ સાપ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 જુલાઈ (B) 15 જુલાઈ (C) 16 જુલાઈ (D) 17 જુલાઈ **(C)**

2. તાજેતરમાં ભારતે ચંદ્રયાન-3 સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું. તેના વિશે નીચેના વિધાનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
2. LVM3-M4 નામના ભારતના સૌથી કદાવાર અને આધુનિક રોકેટ દ્વારા ચંદ્રયાન 3 લોન્ચ કરવામાં આવ્યું હતું.
3. ચંદ્રયાન 3ના ઓર્બિટરનું નામ ‘વિક્રમ’ હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

3. તાજેતરમાં ભારતે કયા રોકેટની મદદથી ચંદ્રયાન-3 સફળતાપૂર્વક લોન્ચ કર્યુ છે ?

(A) LVM3 (B) GSLV-MK II (C) MVL3 (D) PSLV-III **(A)**

4. ચંદ્રયાન-3 નામનું અવકાશયાન કેટલા વિશિષ્ટ ભાગોમાં વહેંચાયેલું છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર **(C)**

5. ચંદ્રયાન-3ના ત્રણ વિશિષ્ટ ભાગોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) Orbiter (B) Lander

(C) Rover (D) Propulsion Module **(A)**

6. ચંદ્રયાન-3ના ‘લેન્ડર’ (Lander)નું નામ શું છે ?

(A) પ્રજ્ઞાન (B) વિક્રમ (C) સતીષ (D) વિજય **(B)**

7. ચંદ્રયાન-3ના ‘રોવર’ (Rover)નું નામ શું છે ?

(A) પ્રજ્ઞાન (B) વિક્રમ (C) અટલ (D) કલામ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** ભારતના ચંદ્રયાન-3 મિશન સંદર્ભે નીચેના વિધાનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. ચંદ્રયાન-3નું પ્રોપલ્શન મોડ્યુલ 100 કિમી ચંદ્ર ભ્રમણકક્ષા સુધી લેન્ડર અને રોવર કન્ફિગરેશનને વહન કરશે.
2. ચંદ્રયાન-3નું પ્રોપલ્શન મોડ્યુલ જાપાનની સહાયથી વિકસાવવામાં આવ્યું છે.
3. ચંદ્રયાન-3ના પ્રોપલ્શન મોડ્યુલમાં સ્પેક્ટ્રોપોલરીમેટ્રી ઓફ હેબિટેબલ અર્થ (SHAPE) નામનો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.
4. ચંદ્રયાન-3 ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(C)**

**9.** ચંદ્રયાન-3ના લેન્ડર તથા રોવરનું મિશન આયુષ્ય કેટલું છે ?

(A) 1 ચંદ્ર દિવસ અથવા તો પૃથ્વી પરના 14 દિવસ
(B) 1 ચંદ્ર દિવસ અથવા તો પૃથ્વી પરના 28 દિવસ
(C) 1 ચંદ્ર દિવસ અથવા તો પૃથ્વી પરના 22 દિવસ
(D) 1 ચંદ્ર દિવસ અથવા તો પૃથ્વી પરના 21 દિવસ **(A)**

**10.** ચંદ્રયાન-3ના સફળતાપૂર્વક લેન્ડિંગ બાદ ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડ કરનાર વિશ્વનો કેટલામો દેશ બની જશે ?

(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો **(A)**

**11.** ચંદ્રયાન-3ના સફળતાપૂર્વક લેન્ડિંગ બાદ ભારત ચંદ્રની ધરતી પર પહોંચનારો વિશ્વનો કેટલામો દેશ બનશે ?

(A) અમેરિકા, રશિયા અને જાપાન બાદ ચોથો
(B) અમેરિકા, રશિયા અને ચીન બાદ ચોથો
(C) અમેરિકા, રશિયા અને યુકે બાદ ચોથો
(D) અમેરિકા, રશિયા અને ઓસ્ટ્રેલિયા બાદ ચોથો **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**12. ચંદ્રયાન-3નું કુલ વજન કેટલું છે ?**

(A) 2900 Kg (B) 3100 Kg (C) 3300 Kg (D) 3900 Kg **(D)**

**13. ભારતે ચંદ્રયાન-1 ક્યારે લોન્ચ કર્યુ હતું ?**

(A) 22 ઓક્ટોબર, 2002 (B) 22 ઓક્ટોબર, 2008

(C) 22 જુલાઈ, 2014 (D) 22 જુલાઈ, 2017 **(B)**

**14. ભારતે 22 જુલાઈ, 2019ના રોજ ચંદ્રયાન-2 લોન્ચ કર્યુ હતું. તેના વિશે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?**

(A) આ મિશન સંપૂર્ણ અસફળ રહ્યું હતું.

(B) આ મિશન સંપૂર્ણ સફળ રહ્યું હતું.

(C) આ મિશન લગભગ 95 ટકા સફળ રહ્યું હતું.

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

**15. 'લોન્ચ વ્હીકલ માર્ક 3' (LVM3) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

1. LVM3 અથવા લોન્ચ વ્હીકલ માર્ક 3 એ ISROનું સૌથી ભારે રોકેટ છે.
2. LVM3ને અગાઉ GSLV MK III તરીકે ઓળખવામાં આવતું હતું.
3. તે ત્રણ તબક્કાનું પ્રક્ષેપણ વાહન છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"DAILY PLAN" સાથે "DAILY TARGET" ACHIEVE કરાવતો એક માત્ર કોર્ષ

GPSC STRATEGY COURSE Only Prelims

Class 1/2, Dy.S.O., STI, TDO

85 DAYS Master Plan

3 MONTHS VALIDITY: ₹12000/- ₹2999/- Without Material; ₹20000/- ₹4999/- With Material

6 MONTHS VALIDITY: ₹14000/- ₹3499/- Without Material; ₹22000/- ₹5499/- With Material

12 MONTHS VALIDITY: ₹15600/- ₹3899/- Without Material; ₹23600/- ₹5899/- With Material


iceonline App ડાઉનલોડ કરો

Google Play | Download on the App Store

93773-01110 (10:00am to 6:00pm)

દિવસ મહિમા : 17 જુલાઈ, (1) વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ
(World Day for International Justice)
(2) વિશ્વ ઈમોજી દિવસ (World Emoji Day)

## વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2023



તાજેતરમાં 3 જુલાઈ થી 16 જુલાઈ, 2023 દરમિયાન ઈંગ્લેન્ડના વિમ્બલ્ડન ખાતે 136મી વિમ્બલ્ડન ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું.

- વિમ્બલ્ડન એ વિશ્વની સૌથી જૂની અને સૌથી વધુ પ્રતિષ્ઠિત ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ઈ.સ. 1877થી ઈંગ્લેન્ડના લંડનના વિમ્બલ્ડનમાં ઓલ ઈંગ્લેન્ડ ક્લબ (અથવા તો ઓલ ઈંગ્લેન્ડ લોન ટેનિસ એન્ડ ક્રોક્વેટ ક્લબ) ખાતે આ ટુર્નામેન્ટ યોજાય છે.
- આ ટુર્નામેન્ટ ગ્રાસ કોર્ટ (ઘાસના મેદાન) પર રમાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિમ્બલ્ડન 2023 વિજેતા

વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2023માં સર્બિયાના શ્રી નોવાક જોકોવિચને પરાજય આપીને સ્પેનના શ્રી કાર્લોસ અલ્કારાઝએ વિમ્બલ્ડન 2023ના 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.

- 20 વર્ષીય શ્રી કાર્લોસ અલ્કારાઝના કેરિયરનું આ બીજુ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ છે.
- નોંધનીય છે કે શ્રી નોવાક જોકોવિચે અત્યાર સુધીમાં 23 ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા છે.
- જ્યારે 'વિમેન્સ સિંગલ્સ' સ્પર્ધામાં ચેક રિપબ્લિકના સુશ્રી માર્કેટા વોન્ડ્રોસોવાએ આ ટાઈટલ જીત્યું છે.
- આ સાથે 24 વર્ષીય સુશ્રી માર્કેટા વોન્ડ્રોસોવા પ્રોફેશનલ યુગમાં વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતનાર પ્રથમ બિન ક્રમાંકિત ખેલાડી પણ બની છે.

## વિમ્બલ્ડન 2023 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી કાર્લોસ અલ્કારાઝ (સ્પેન) | શ્રી નોવાક જોકોવિચ (સાર્બિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી માર્કેટા વોન્ડ્રોસોવા(ચેક રિપબ્લિક) | સુશ્રી ઓન્સ જબેર (ટ્યૂનિશિયા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી વેસ્લી કૂલહોફ (નેધરલેન્ડ)<br>શ્રી નીલ સ્કુપ્સકી (બ્રિટન) | શ્રી માર્સેલ ગ્રેનોલર્સ (સ્પેન)<br>શ્રી હોરાસિઓ ઝેબોલસ (આર્જેન્ટિના) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી હસિહ સુ–વેઈ (તાઈવાન)<br>સુશ્રી બાર્બોરા સ્ટ્રાઈકોવા (ચેક રિપબ્લિક) | સુશ્રી સ્ટોમ હન્ટર(ઓસ્ટ્રેલિયા)<br>સુશ્રી એલિસ મેર્ટન્સ (બેલ્જિયમ) |
| 5 | મિક્સ ડબલ્સ | શ્રી મેટ પાવિક (ક્રોએશિયા)<br>સુશ્રી લ્યુડમીલા કિચેનોક (યુક્રેન) | શ્રી જોરાન વ્લીજેન (બેલ્જિયમ)<br>સુશ્રી ઝૂ યીફાન (ચીન) |

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  - (1) ઓસ્ટ્રેલિયન ઓપન
  - (2) ફ્રેન્ચ ઓપન
  - (3) વિમ્બલ્ડન
  - (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કયા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

**સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતનાર ખેલાડીઓ**

| ક્રમ | ખેલાડી | ટાઈટલ |
|---|---|---|
| 1 | શ્રી નોવાક જોકોવિચ | 23 |
| 2 | શ્રી રાફેલ નડાલ | 22 |
| 3 | શ્રી રોજર ફેડરર | 20 |
| 4 | શ્રી પીટ સેમ્પ્રાસ | 14 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દુલીપ ટ્રોફી 2023 : દક્ષિણ ઝોન ચેમ્પિયન્સ



તાજેતરમાં 28 જૂનથી 16 જુલાઈ 2023 દરમિયાન દુલીપ ટ્રોફી 2023નું આયોજન કરવામાં આવ્યું હતું.

- તાજેતરમાં યોજાયેલ આ ટુર્નામેન્ટ દુલીપ ટ્રોફીની 60મી સીઝન હતી.
- દુલીપ ટ્રોફી 2023ની ફાઈનલમાં સાઉથ ઝોન (દક્ષિણ ઝોન) ચેમ્પિયન બન્યું છે.
- સાઉથ ઝોને ફાઈનલ મેચમાં વેસ્ટ ઝોનને 75 રનથી પરાજય આપ્યો હતો.
- દુલીપ ટ્રોફી 2023ની ફાઈનલ મેચ બેંગ્લુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.


- જેમાં પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ શ્રી વિદ્વર્થ કવેરપ્પા બન્યા હતા.
- દુલીપ ટ્રોફી 2023માં સૌથી વધુ રન શ્રી પ્રભસિમરન સિંઘ (202) અને સૌથી વધુ વિકેટ શ્રી સૌરભ કુમાર (16)એ ઝડપી હતી.

નોંધ : (1) સાઉથ ઝોનના કેપ્ટન શ્રી હનુમા વિહારી હતા તથા વેસ્ટ ઝોનના કેપ્ટન શ્રી પ્રિયંક પંચાલ હતા.

(2) દુલીપ ટ્રોફી ભારતની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ છે.

(3) ગુજરાતના નવાનગરના કુમાર શ્રી દુલીપ સિંહજીના નામ પરથી આ ટુર્નામેન્ટ રમાય છે.

(4) દુલીપ ટ્રોફીની 1961-62માં પ્રથમ સિઝન રમાઈ હતી.



1. ‘વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જુલાઈ (B) 16 જુલાઈ (C) 17 જુલાઈ (D) 18 જુલાઈ **(C)**

2. ‘વિશ્વ ઈમોજી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 જુલાઈ (B) 18 જુલાઈ (C) 19 જુલાઈ (D) 20 જુલાઈ **(A)**

3. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2023માં ‘મેન્સ સિંગલ્સ’ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી નોવાક જોકોવિચ

(C) શ્રી નિક કિર્ગયોસ (D) શ્રી કાર્લોસ અલ્કારાઝ **(D)**

4. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2023માં ‘મેન્સ સિંગલ્સ’ ટાઈટલ જીતનાર શ્રી કાર્લોસ અલ્કારાઝના દેશનું નામ જણાવો ?

(A) સ્વિત્ઝર્લેન્ડ (B) સ્પેન (C) જર્મની (D) સર્બિયા **(B)**

5. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2023માં ‘વિમેન્સ સિંગલ્સ’ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી એલેના રાઈબકીના (B) સુશ્રી ઓન્સ જબેર

(C) સુશ્રી માર્કેટા વોન્ડ્રોસોવા (D) સુશ્રી કેટરિના સિનેકોવા **(C)**

6. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2023માં ‘વિમેન્સ સિંગલ્સ’ ટાઈટલ જીતનાર સુશ્રી માર્કેટા વોન્ડ્રોસોવા કયા દેશના ખેલાડી છે ?

(A) ચેક રિપબ્લિક (B) સ્પેન

(C) ટ્યૂનિશિયા (D) નેધરલેન્ડ **(A)**

7. તાજેતરમાં યોજાયેલી દુલીપ ટ્રોફી 2023ની વિજેતા ટીમનું નામ જણાવો ?

(A) સાઉથ ઝોન (B) વેસ્ટ ઝોન

(C) નોર્થ ઝોન (D) ઈસ્ટ ઝોન **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 18 જુલાઈ, નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ (Nelson Mandela International Day)



નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા અને દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી નેલ્સન મંડેલાનો જન્મદિવસ 18 જુલાઈ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- નવેમ્બર 2009માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસને સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ વર્ષ 2010થી દર વર્ષે 18 જુલાઈના રોજ 'નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી નેલ્સન મંડેલાનો જન્મ 18 જુલાઈ, 1918ના રોજ દક્ષિણ આફ્રિકાના મેવોઝ કેપ પ્રાંત ખાતે થયો હતો.
- દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ નાબૂદ કરનારા શ્રી નેલ્સન મંડેલાને તેમના દેશમાં તે જ સ્થાન છે, જે આપણા દેશમાં મહાત્મા ગાંધીજીનું છે.
- મહાત્મા ગાંધીજીની જેમ અહિંસાના માર્ગ પર ચાલનારા શ્રી નેલ્સન મંડેલાએ રંગભેદ સામે લડતા 27 વર્ષ જેલમાં વિતાવ્યા હતા.
- જેલમાંથી મુક્ત થયા બાદ સમાધાન અને શાંતિની નીતિ દ્વારા તેમણે લોકશાહી અને વિવિધતાવાળા આફ્રિકાનો પાયો નાખ્યો હતો.
- વર્ષ 1994માં દક્ષિણ આફ્રિકામાં પ્રથમ વખત બિન–રંગભેદની ચૂંટણી યોજાઈ હતી. જેમાં આફ્રિકન નેશનલ કોંગ્રેસને 62 ટકા મત મળ્યા હતા.
- આ સાથે શ્રી નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત (કાળા) રાષ્ટ્રપતિ બન્યા હતા.
- શ્રી નેલ્સન મંડેલાને 'આફ્રિકાના ગાંધી' તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નવસારીના વાંસીબોરસી ખાતે પી. એમ. મિત્ર પાર્કનું નિર્માણ થશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'પી.એમ.મિત્ર (મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજિયન એન્ડ એપેરલ–PM MITRA) પાર્ક' દેશના સાત રાજ્યોમાં સ્થપાશે.

- જેના ભાગરૂપે ગુજરાતના નવસારીના વાંસીબોરસી ખાતે 1141 એકરમાં પી.એમ.મિત્ર પાર્કના નિર્માણ માટે સુરત ખાતે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે MoU થયા હતા.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય ઉદ્યોગમંત્રી શ્રી પિયૂષ ગોયલની ઉપસ્થિતિમાં MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ પાર્કમાં એક જ સ્થળે, એક જ છત્ર નીચે સ્પિનિંગ, વિવિંગ, પ્રોસેસિંગ/ડાઈંગ અને પ્રિન્ટિંગથી લઈને ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ સુધીની ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ વેલ્યુ ચેઈન ઉભી થશે.
- આ ઉપરાંત 'પ્લગ એન્ડ પ્લે' ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે.
- અહીં ટ્રેનિંગ, રિસર્ચ અને ઈનોવેશનનો ત્રિવેણી સંગમ સર્જાશે.

## પીએમ મિત્ર યોજના

'પીએમ મિત્ર' પાર્કને કેન્દ્ર અને રાજ્ય સરકારોની માલિકીના 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' (SPV) દ્વારા જાહેર ખાનગી ભાગીદારી (PPP) મોડમાં વિકસાવવામાં આવશે.

- દરેક પીએમ મિત્ર પાર્કમાં ઈન્ક્યુબેશન સેન્ટર, કોમન પ્રોસેસિંગ હાઉસ અને કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને અન્ય ટેક્સટાઈલ સંબંધિત સુવિધાઓ જેમ કે ડિઝાઈન કેન્દ્રો અને પરીક્ષણ કેન્દ્રો હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમલીકરણ

- સ્પેશિયલ પર્પઝ વ્હીકલ : દરેક પાર્ક માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર માલિકીની SPVની સ્થાપના કરવામાં આવશે જે પ્રોજેક્ટના અમલીકરણની દેખરેખ રાખશે.
- વિકાસ માટે મૂડી સહાય : ટેક્સટાઈલ મંત્રાલય વિકાસ માટે મૂડિ સહાય તરીકે SPVને પાર્ક દીઠ રૂ.500 કરોડ સુધીની નાણાકીય સહાય પ્રદાન કરશે.
- સ્પર્ધાત્મક પ્રોત્સાહન સહાય (CIS) :ઝડપી અમલીકરણને પ્રોત્સાહિત કરવા પીએમ મિત્ર પાર્કમાં એકમોને પ્રતિ પાર્ક રૂ.300 કરોડ સુધીની CIS પણ પ્રદાન કરવામાં આવશે.
- અન્ય યોજનાઓ સાથે કન્વર્જન્સ : ભારત સરકારની અન્ય યોજનાઓ સાથે કન્વર્જન્સ સુવિધા પણ માસ્ટર ડેવલપર અને રોકાણકારોને વધારાના પ્રોત્સાહન માટે પૂરી પાડવામાં આવશે.

## યોજનાનું મહત્ત્વ

- તે લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરશે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવા માટે ટેક્સટાઈલ સેક્ટરની મૂલ્ય સાંકળને મજબૂત બનાવશે.
- કાપડની નિકાસને પ્રોત્સાહન આપવાના ભારતના ધ્યેયમાં ઉચ્ચ લોજિસ્ટિક્સ ખર્ચને મુખ્ય અવરોધ માનવામાં આવે છે.
- આ પાર્કોમાં રૂ.70,000 કરોડના રોકાણથી આશરે 20 લાખ લોકોને રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે.
- આ પાર્કો દેશમાં 'ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ' (FDI) આકર્ષવા માટે મહત્વપૂર્ણ છે.
- નોંધનીય છે કે ભારતના ટેક્સટાઈલ સેક્ટરે એપ્રિલ 2000 થી સપ્ટેમ્બર 2020 દરમિયાન રૂ.20,468.82 કરોડનું FDI મેળવ્યું હતું. જે આ સમયગાળા દરમિયાન કુલ વિદેશી રોકાણના પ્રવાહના માત્ર 0.69% છે.
- આ ક્લસ્ટર–આધારિત અભિગમ સેક્ટરના વધતા બગાડ અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરશે અને આમ દેશના ટેક્સટાઈલ સેક્ટરની સ્પર્ધાત્મકતામાં સુધારો કરશે.




## મિશન વાત્સલ્ય યોજના

ભારતમાં બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા મિશન વાત્સલ્ય શરૂ કરવામાં આવ્યું છે.



- વિલેજ લેવલ ચાઈલ્ડ વેલફેર એન્ડ પ્રોટેક્શન કમિટી (CW & PC) એવા બાળકોની ઓળખ કરશે જેઓ મુશ્કેલ સંજોગોમાં હોય, અનાથ હોય અથવા શેરીઓમાં રહેતા હોય. આ બાળકોને મિશન વાત્સલ્ય યોજના શેઠળ સુવિધા પૂરી પાડવામાં આવશે.
- આ સુવિધાઓ બાળ કલ્યાણ સમિતિ (CWC)ની ભલામણો અને સ્પોન્સરશિપ અને ફોસ્ટર કેર એપ્રુવલ કમિટી (SFCAC)ની મંજૂરીના આધારે પૂરી પાડવામાં આવશે.

# મિશન વાત્સલ્ય

## ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

- **2009 પહેલા :** મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે ત્રણ યોજના લાગુ કરી હતી.
  (1) સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો અને કાયદા સાથે સંઘર્ષમાં રહેલા બાળકો માટે જુવેનાઈલ જસ્ટિસ પ્રોગ્રામ.
  (2) સડક પર રહેનાર બાળકો માટે સંકલિત કાર્યક્રમ.
  (3) બાળ ગૃહોની સહાય માટેની યોજના
- **વર્ષ 2010 :** આ યોજનાઓને સંકલિત બાળ સુરક્ષા યોજનામાં મર્જ કરવામાં આવી હતી.
- **વર્ષ 2017 :** બાળ સુરક્ષા સેવા યોજનાનું નામ બદલવામાં આવ્યું.
- **વર્ષ 2021-22 :** મિશન વાત્સલ્ય તરીકે રિબ્રાન્ડેડ

## પરિચય

ભારતમાં બાળ સુરક્ષા સેવાઓ માટે છત્ર યોજના છે.

- તેનો હેતુ દેશના દરેક બાળક માટે સ્વસ્થ અને સુખી બાળપણ સુનિશ્ચિત કરવાનો છે.
- મિશન વાત્સલ્યના ઘટકોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(a) વૈધાનિક સંસ્થાઓની કામગીરીમાં સુધારો કરવો.
(b) સેવા વિતરણ માળખાને મજબૂત બનાવવું.
(c) સંસ્થાકીય સંભાળ અને સેવાઓમાં સુધારો કરવો.
(d) બિન–સંસ્થાકીય સમુદાય–આધારિત સંભાળને પ્રોત્સાહન આપવું.
(e) કટોકટીની સેવાઓની એક્સેસ પ્રદાન કરવી.
(f) તાલીમ અને ક્ષમતા નિર્માણ.

## ઉદ્દેશ્ય

બાળકોને તેમની સંપૂર્ણ ક્ષમતાનો અહેસાસ થાય અને તમામ ક્ષેત્રોમાં વિકાસની તક મળે તે સુનિશ્ચિત કરવું.

- બાળ વિકાસ માટે સંવેદનશીલ, સહાયક અને સંકલિત ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવું.
- જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, 2015ના અમલીકરણમાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને મદદ કરવી.
- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) હાંસલ કરવા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બાળકો માટે બિન-સંસ્થાકીય સંભાળના પ્રકારો

**(1) આર્થિક સુરક્ષા :**

- સરકારી સહાયતા પ્રાપ્ત રક્ષણ : સરકારી ભંડોળ દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.
- ખાનગી રીતે સહાયિત નાણાકીય સહાય : ખાનગી સ્ત્રોતો અથવા વ્યક્તિઓ દ્વારા પ્રદાન કરવામાં આવતી નાણાકીય સહાય.

**(2) પાલક સંભાળ :**

- બાળકની સંભાળ અને પુનર્વસન અસંબંધિત કુટુબ દ્વારા લેવામાં આવે છે.
- બાળકના ઉછેર માટે પાલક માતાપિતાને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

**(3) દત્તક :**

- આવા બાળકો માટે યોગ્ય કુટુંબ શોધવું, જે દત્તક લેવા માટે કાયદેસર રીતે સ્વતંત્ર છે.
- સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (CARA) દત્તક લેવાની પ્રક્રિયાને સરળ બનાવે છે.

**(4) દત્તક લીધા પછી સંભાળ :**

- જે બાળકો 18 વર્ષના થાય ત્યારે બાળ સંભાળ સંસ્થાઓ છોડી દે છે તેમને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.
- આ સહાય તેમને સમાજમાં ફરીથી એકીકૃત થવા અને આત્મનિર્ભર બનવામાં મદદ કરે છે.
- આ સહાય 18 વર્ષથી 21 વર્ષ સુધી વધારી શકાય છે, જે 23 વર્ષ સુધી લંબાવવામાં આવે તેવી શકયતા છે.

**નોંધ :** મિશન હેઠળ પ્રદાન કરવામાં આવેલ આર્થિક સુરક્ષા અને સંવર્ધન કાર્યક્રમના અમલીકરણ અને દેખરેખ માટે દરેક જિલ્લામાં એક SFCAC હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ફ્રાન્સ મુલાકાત



ભારત અને ફ્રાન્સ વચ્ચે વધતી ભાગીદારીના પ્રતીક તરીકે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'બેસ્ટિલ ડે' પરેડમાં ગેસ્ટ ઓફ ઓનર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે.

- આ અંતર્ગત ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફ્રાન્સની મૂલાકાત લીધી હતી.
- આ આમંત્રણ બંને દેશો વચ્ચે વધતા સંબંધોને પ્રતિબિંબિત કરે છે અને વૈશ્વિક મંચ પર ભારતની નોંધપાત્ર હાજરીને સ્વીકારે છે.

- બેસ્ટિલ ડેની પરેડ દરમિયાન ભારતીય સશસ્ત્ર દળના 269 સભ્યોની ટુકડીએ તેમના ફ્રેન્ચ સમકક્ષો સાથે પરેડ કરી હતી.
- આ ત્રિ–સેવા ટુકડી ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાની એકતા અને બહાદુરીનું પ્રતિનિધિત્વ કરે છે.
- તેમની ભાગીદારી આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ ભારતીય સશસ્ત્ર દળોની શક્તિ અને વ્યવસાયિક્તાનું પ્રદર્શન કરે છે.

## બેસ્ટિલ ડે

ફ્રાન્સ દર વર્ષે 14મી જુલાઈને ફ્રાન્સના રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવે છે જેને બેસ્ટિલ ડે તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે 14 જુલાઈ, 1789ના રોજ ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન બેસ્ટિલના તોફાનની વર્ષગાંઠ તરીકે મનાવવામાં આવે છે.
- જેણે ફ્રેન્ચ ક્રાંતિની શરૂઆતનો સંકેત આપ્યો હતો અને ફ્રેન્ચ રિપબ્લિકન ચળવળ માટે મહત્વપૂર્ણ પ્રતીક બની ગયું હતું.
- આ દિવસના પ્રસંગે અનેક કાર્યક્રમો યોજાય છે પરંતુ સૌથી પ્રસિદ્ધ પ્રસંગ બેસ્ટિલ ડે મિલિટરી પરેડ છે. તે 14 જુલાઈની સવારે પેરિસમાં થાય છે, પ્રથમ પરેડ 1880માં થઈ હતી.

નોંધ : (1) બેસ્ટિલ પેરિસમાં મધ્યયુગીન શસ્ત્રાગાર, કિલ્લો અને રાજકીય જેલ હતી.

(2) ઘણા સામાન્ય લોકો માટે તે અયોગ્ય રાજાશાહીનું પ્રતિનિધિત્વ કરે છે અને રાજાશાહી દ્વારા સત્તાના દુરુપયોગનું પ્રતીક છે.

(3) 14 જુલાઈ, 1789ના રોજ સૈનિકોએ બેસ્ટિલ પર હુમલો કર્યો અને તેને કબજે કર્યો. જેનાથી ફ્રેન્ચ ક્રાંતિની શરૂઆત થઈ અને ત્રણ વર્ષ પછી 1792માં ફ્રેન્ચ રિપબ્લિકની રચના થઈ હતી.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ લીજન ઓફ ઓનર'થી સન્માનિત



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફ્રાન્સ મુલાકાત દરમિયાન ફ્રાન્સનું સર્વોચ્ચ નાગરિક અને લશ્કરી સન્માન 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ લીજન ઓફ ઓનર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- આ સાથે આ સન્માન મેળવનાર તેઓ પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા છે.
- ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને 13 જુલાઈ, 2023ના રોજ એલિસી પેલેસમાં આયોજિત એક સમારોહ દરમિયાન આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.
- આ પુરસ્કાર ભારત અને ફ્રાન્સ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા અને સહિયારા મૂલ્યોને જાળવી રાખવાની તેમની પ્રતિબદ્ધતામાં તેમના મહત્વપૂર્ણ યોગદાનને માન્યતા આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) 1802માં નેપોલિયન બોનાપાર્ટ દ્વારા સ્થપાયેલ લીજન ઓફ ઓનર એ પાંચ વર્ગોમાં વિભાજિત ચુનંદા ઓર્ડર છે.

(2) લીજનની રિબિન લાલ છે અને બેજમાં ઓક અને લોરેલની માળા પર લટકાવેલું પાંચ સશસ્ત્ર માલ્ટિઝ ફૂદડી હોય છે.

## ફ્રાન્સમાં માસ્ટર્સ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ માટે 5 વર્ષના વર્ક વિઝા

વર્ષ 2030 સુધીમાં ફ્રાન્સમાં 30,000 ભારતીય વિદ્યાર્થીઓને આવકારવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

- એક મહત્વપૂર્ણ વિકાસમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફ્રાન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ માટે વિસ્તૃત અભ્યાસ પછીના વર્ક વિઝાની જાહેરાત કરી છે.
- નવા વિઝાનો સમયગાળો પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવ્યો છે, જે ભારતીય વિદ્યાર્થીઓને નોકરીની તકો શોધવા અને તેમના અભ્યાસ ક્ષેત્રમાં મૂલ્યવાન કાર્ય અનુભવ મેળવવા માટે પૂરતો સમય આપે છે.
- પોસ્ટ સ્ટડી વર્ક વિઝા જેને કેટલાક દેશોમાં ગ્રેજ્યુએટ રૂટ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને વ્યવસાયિક જીવન વચ્ચે એક મહત્વપૂર્ણ સેતુ તરીકે કામ કરે છે.
- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા પછી યજમાન દેશમાં રહેવાની મંજૂરી આપવાનો છે.
- અને તેમને વ્યવહારુ અનુભવ મેળવવાની અને તેમના હસ્તગત જ્ઞાનને વાસ્તવિક દુનિયામાં લાગુ કરવાની તક પૂરી પાડવાનો છે.

## સંરક્ષણ સહયોગ

ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC)એ ભારતીય નૌકાદળ માટે 26 રાફેલ મરીન ફાઈટર જેટ અને 3 સ્કોર્પિયન સબમરીન ખરીદવાની દરખાસ્તોને મંજૂરી આપી હતી.

- રાફેલ મરીન ફાઈટર એ રાફેલ ફાઈટર જેટનું નેવલ વેરિઅન્ટ છે, જેમાંથી 36 ભારતીય વાયુસેના દ્વારા સંચાલિત છે.
- ફ્રાન્સની દસોલ્ટ એવિએશન (Dassault Aviation) નામની કંપની દ્વારા આ વિમાનની ડિઝાઈન તથા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- રાફેલ એ ફ્રાન્સનું અતિ આધુનિક બે એન્જિન ધરાવતું મલ્ટિરોલ ફાઈટર વિમાન છે તથા આધુનિક સેન્સર, રડાર અને નવીનત્તમ શસ્ત્ર પ્રણાલીઓથી સજ્જ મલ્ટિરોલ ફાઈટર જેટ છે.
- નેવલ વેરિઅન્ટમાં ફોલ્ડ કરી શકાય તેવી પાંખો, કેરિયર લેન્ડિંગ માટે લાંબી એરફ્રેમ, અરેસ્ટ લેન્ડિંગ માટે ટેલ હૂક અને એરક્રાફ્ટ કેરિયર્સ સ્થિતિ માટે યોગ્ય પ્રબલિત લેન્ડિંગ ગિયર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- રાફેલ મરીન જેટ શસ્ત્રોની વિશાળ શ્રેણીનું વહન કરી શકે છે, જેમાં એન્ટિ–શિપ અને એર–ટુ–સરફેસ મિસાઈલોનો સમાવેશ થાય છે. અને દરિયાઈ કામગીરી માટે વિશિષ્ટ રડાર ધરાવે છે.
- રાફેલના આ દરિયાઈ સસ્કંરણમાં INS વિક્રાંત અને વિક્રમાદિત્યમાં તૈનાત કરવામાં આવશે.

**નોંધ :** (1) અગાઉ એપ્રિલ, 2015 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની ફ્રાન્સ મુલાકાત દરમિયાન ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાન ખરીદવા માટે જાહેરાત કરી હતી.

(2) ત્યારબાદ જાન્યુઆરી, 2016 દરમિયાન આ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે MoU થયા હતા.

(3) આ MoU બાદ ભારત–ફ્રાન્સ વચ્ચે 23 સપ્ટેમ્બર, 2016ના રોજ ફાઈનલ ડીલ થઈ હતી.

## અન્ય ભાગીદારી અને ફ્રાન્સ પ્રવાસના મુખ્ય મુદ્દા

### 1. અવકાશ :

- ફ્રાન્સના CNES અને ભારતના ISRO વચ્ચેના કરારો દ્વારા વૈજ્ઞાનિક અને વ્યાપારી ભાગીદારીને વધારવી.
- તેમાં સંયુક્ત પૃથ્વી અવલોકન ઉપગ્રહ તૃષ્ણા, હિંદમહાસાગરમાં મેરિટાઈમ સેટેલમેન્ટ અને ભ્રમણકક્ષામાં ભારત–ફ્રેન્ચ ઉપગ્રહોની સુરક્ષાનો સમાવેશ થાય છે.

### 2. ન્યુક્લિયર પાવર :

- મહારાષ્ટ્રના જૈતાપુર ખાતે 6-યુરોપિયન પ્રેશરાઈઝ્ડ રિએક્ટર પાવર પ્લાન્ટ પ્રોજેક્ટ પર પ્રગતિ સાથે નાના મોડયુલર રિએક્ટર અને એડવાન્સ્ડ મોડ્યુલર રિએક્ટર પર સહકાર કાર્યક્રમનો પ્રારંભ.

### 3. ઈન્ડો-પેસિફિક :

- ઈન્ડો–પેસિફિકમાં સંયુક્ત કાર્યવાહી માટે રોડમેપ અપનાવવો, જે પ્રદેશ માટે સર્વોચ્ચ વ્યૂહરચનાના પાસાઓને આવરી લે છે.

### 4. આતંકવાદ વિરોધ :

- ફ્રાન્સના GIGN અને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG) વચ્ચે સહકારને વધુ મજબૂત બનાવવો.

### 5. નાગરિક ઉડ્ડયન :

- ફ્રાન્સ અને ભારત વચ્ચેના માર્ગોને સમર્થન આપવા અને ભારતીય નાગરિક ઉડ્ડયન બજારના વિસ્તરણ માટે નાગરિક ઉડ્ડયનના ક્ષેત્રમાં તકનીકી અને સલામતી કરાર પર હસ્તાક્ષર.

### 6. રાજદ્વારી અને કોન્સ્યુલેટ સંબંધો :

- માર્સેલી ફ્રાન્સમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ અને હેદરાબાદમાં બ્યુરો ડી ફ્રાન્સનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

### 7. સંસ્કૃતિ :

- નવી દિલ્હીમાં નવા રાષ્ટ્રીય સંગ્રાહલયની સ્થાપના માટે ભારતના ભાગીદાર તરીકે ફ્રાન્સની પસંદગી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 જુલાઈ (B) 13 જુલાઈ (C) 17 જુલાઈ (D) 18 જુલાઈ **(D)**

2. નવસારીના કયા સ્થળે 'પી.એમ.મિત્ર પાર્ક'નું નિર્માણ થશે ?
(A) વાંસીબોરસી (B) કડિપોર (C) ખેરગામ (D) પારડી **(A)**

3. PM-MITRA યોજના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. 'પી.એમ.મિત્ર' પાર્કને કેન્દ્ર અને રાજ્ય સરકારોની માલિકીના 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' (SPV) દ્વારા જાહેર ખાનગી ભાગીદારી (PPP) મોડમાં વિકસાવવામાં આવશે.
2. દરેક પીએમ મિત્ર પાર્કમાં ઈન્ક્યુબેશન સેન્ટર, કોમન પ્રોસેસિંગ હાઉસ અને કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને અન્ય ટેક્સટાઈલ સંબંધિત સુવિધાઓ જેમ કે ડિઝાઈન કેન્દ્રો અને પરીક્ષણ કેન્દ્રો હશે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

4. 'મિશન વાત્સલ્ય યોજના' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તે ભારતમાં બાળ સુરક્ષા સેવાઓ માટે છત્ર યોજના છે.
2. તેનો હેતુ દેશના દરેક બાળક માટે સ્વસ્થ અને સુખી બાળપણ સુનિશ્ચિત કરવાનો છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ લીજન ઓફ ઓનર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તે કયા દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે ?
(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) જાપાન (D) યુ.એ.ઈ. **(B)**

6. તાજેતરમાં ભારતે ફ્રાન્સ પાસેથી 26 રાફેલ મરીન ફાઈટર જેટ ખરીદવા માટે દરખાસ્ત કરી છે. આ રાફેલનું નિર્માણ કઈ કંપની દ્વારા કરવામાં આવ્યું છે ?
(A) દસોલ્ટ એવિએશન (B) બોર્ડેક્સ એરોનોટિક્સ
(C) હમ્બર્ટ એવિએશન (D) LH એવિએશન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત-યુએઈ સ્થાનિક ચલણ સેટેલમેન્ટ સિસ્ટમ



ભારત અને યુનાઈટેડ આરબ અમિરાત (UAE)એ ભારતીય રૂપિયો (INR) અને યુનાઈટેડ આરબ અમિરાત દિરહામ (AED)ના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે સ્થાનિક ચલણ સેટલમેન્ટ સિસ્ટમ (LCSS) સ્થાપિત કરવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અબુધાબી, યુએઈની મુલાકાત દરમિયાન આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

### મુખ્ય કરારો

### સ્થાનિક ચલણ સેટેલમેન્ટ સિસ્ટમ (LCSS)

તેમાં વર્તમાન ખાતાના તમામ વ્યવહારો અને પરવાનગી આપેલ મૂડી ખાતાના વ્યવહારોનો સમાવેશ થાય છે.

- સ્થાનિક ચલણ સેટેલમેન્ટ સિસ્ટમ (LCSS) નિકાસકારો અને આયાતકારોને તેમની સંબંધિત હોમ કરન્સીમાં ચુકવણી કરવા અને INR-AED વિદેશી વિનિમય બજારના વિકાસને સક્ષમ બનાવશે.
- તેનાથી યુએઈમાં ભારતીયો દ્વારા રેમિટન્સ સહિત વ્યવહાર ખર્ચ અને પતાવટનો સમય ઘટશે.
- ભારત તેના ચોથા સૌથી મોટા ઊર્જા સપ્લાયર (નાણાકીય વર્ષ 2022-23માં) UAE પાસેથી તેલ અને અન્ય કોમોડિટીની આયાત માટે ચૂકવણી કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે.

### UPI-IPP

બંને દેશોની સેન્ટ્રલ બેંકોએ ભારતના 'યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ' (UPI)ને UAEના ઈન્સ્ટન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ (IPP) અને RuPay Switch અને UAESWITCH સાથે લિંક કરવા પર સહયોગ કરવા માટે એક સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

- UPI-IPP લિંક બંને દેશોના વપરાશકર્તાઓને ઝડપી, સુરક્ષિત અને ખર્ચ–અસરકારક ક્રોસ–બોર્ડર ટ્રાન્સફર કરવા માટે સક્ષમ બનાવશે.
- કાર્ડ સ્વિચ ઉમેરવાથી ઘરેલુ કાર્ડની પરસ્પર સ્વીકૃત સરળ બનશે અને કાર્ડ વ્યવહારોની પ્રક્રિયા સરળ બનશે.
- RBI અને યુએઈની સેન્ટ્રલ બેંકના સંબંધિત ગવર્નરો દ્વારા MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- તેઓ ભારતની સ્ટ્રક્ચર્ડ ફાઈનાન્સિયલ મેસેજિંગ સિસ્ટમ (SFMS)ને UAEની પેમેન્ટ મેસેજિંગ સિસ્ટમ સાથે લિન્ક કરવાનું પણ અન્વેષણ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## અબુધાબીમાં IIT દિલ્હી કેમ્પસ સ્થપાશે

અબુધાબીમાં IIT દિલ્હી કેમ્પસની સ્થાપના માટે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- આ નવો MoU 'IIT ગો ગ્લોબલ' અભિયાનનો એક ભાગ છે.
- IIT મદ્રાસ ઝાંઝીબાર, તાંઝાનિયા પછી આ બીજું આંતરરાષ્ટ્રીય IIT કેમ્પસ હશે.
- આ ડિગ્રી જે વર્ષ 2024થી શરૂ થશે તેમાં ઊર્જા અને ટકાઉપણું, AI, કમ્પ્યૂટર સાયન્સ અને એન્જિનિયરિંગ, વિજ્ઞાન અને માનવતાના અન્ય વિષયો જેવા અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.

## રૂપિયા આધારિત ક્રોસ બોર્ડર વ્યવહારોનું મહત્ત્વ

ભારતીય નિકાસકારો માટે નુકસાનને મર્યાદિત કરવા માટે રૂપિયા આધારિત વેપારમાં વિનિમય દરના જોખમોને ઘટાડવાનો માર્ગ ભારત શોધી રહ્યું છે.

- રૂપિયા આધારિત ટ્રાન્ઝેક્શન એ ડોલરની માંગને ઘટાડવા માટે રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવા માટે ભારત દ્વારા કરવામાં આવેલા સંયુક્ત નીતિ પ્રયાસોનો એક ભાગ છે.
- રશિયા ઉપરાંત આફ્રિકા, ગલ્ફક્ષેત્ર, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવા દેશોએ પણ રૂપિયામાં વેપાર કરવા રસ દાખવ્યો છે.
- આંતરરાષ્ટ્રીય વેપારને સ્થાનિક ચલણમાં સેટલ કરવાની RBIની યોજના આયાતકારોને રૂપિયાની ચૂકવણી કરવાની મંજૂરી આપશે, જે ભાગીદાર દેશની સંવાદદાતા બેંક સાથેના વિશેષ ખાતામાં જમા કરવામાં આવશે.
- જ્યારે નિકાસકારોને નિર્દિષ્ટ વિશેષ ખાતામાં બેલેન્સમાંથી ચૂકવણી પ્રાપ્ત કરવાની મંજૂરી આપવામાં આવશે.

નોંધ : (1) ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે 1972માં રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા હતા.

(2) ઓગસ્ટ 2015માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંયુક્ત આરબ અમીરાતની મુલાકાતે બંને દેશો વચ્ચે નવી વ્યૂહાત્મક ભાગીદારીની શરૂઆત કરી ત્યારે દ્વિપક્ષીય સંબંધો વધુ વિકસ્યા હતા.

(3) UAE ભારતનું સૌથી મોટું ત્રીજા નંબરનું વેપારી ભાગીદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Export Preparednes Index 2022

નીતિ આયોગ દ્વારા તાજેતરમાં 'Export Preparedness Index-2022' અથવા 'નિકાસ તૈયારી સૂચકાંક-2022' બહાર પાડયો છે.

- ભારતના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે 'નિકાસ તૈયારી સૂચકાંક'ની આ ત્રીજી આવૃત્તિ છે.
- આ ઈન્ડેક્સમાં તમિલનાડુ પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ મહારાષ્ટ્ર બીજા, કર્ણાટક ત્રીજા અને ગુજરાત ચોથા ક્રમે છે.

- આ અગાઉ 2021ના 'નિકાસ તૈયારી સૂચકાંક' (EPI)માં ગુજરાત પ્રથમ ક્રમે હતું.
- આ અહેવાલ નિર્ણય લેવામાં મદદ કરવા, શક્તિઓને ઓળખવા, નબળાઈઓને દૂર કરવા અને સમગ્ર ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વ્યાપક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે પ્રદેશ–વિશિષ્ટ આંતરદષ્ટિ સાથે રાજ્ય સરકારોને સશક્ત બનાવવાનો પ્રયાસ કરે છે.

## ટોચના પ્રદર્શનકાર

- EPI 2022માં તમિલનાડુ ટોચ પર છે ત્યારબાદ મહારાષ્ટ્ર અને કર્ણાટક છે.

| Rank | State |
|---|---|
| 1 | તમિલનાડુ |
| 2 | મહારાષ્ટ્ર |
| 3 | કર્ણાટક |
| 4 | ગુજરાત |

## પહાડી/હિમાલયન રાજ્યો

ઉત્તરાખંડે EPI 2022માં પર્વતીય/હિમાલયન રાજ્યોની કેટેગરીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

- ત્યારબાદ હિમાચલ પ્રદેશ, મણિપુર, ત્રિપુરા, સિક્કિમ, નાગાલેન્ડ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને મિઝોરમ આવે છે.

## લેન્ડલોક પ્રદેશો

લેન્ડલોક પ્રદેશોમાં હરિયાણા ટોચ પર છે, જે નિકાસ માટે તેની સજ્જતા છે.

- ત્યારબાદ તેલંગાણા, ઉત્તરપ્રદેશ, પંજાબ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનો નંબર આવે છે.

## કેન્દ્રશાસિત પ્રદેશો/નાના રાજ્યો

કેન્દ્રશાસિત પ્રદેશો અને નાના રાજ્યોમાં ગોવા EPI 2022માં પ્રથમ ક્રમે છે.

- જમ્મુ અને કાશ્મીર, દિલ્હી, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લદાખ અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા સ્થાને છે.

## ઈન્ડેક્સ વિશે

EPI એ એક વ્યાપક સાધન છે જે ભારતમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની નિકાસ તૈયારીને માપે છે.

- દેશમાં આર્થિક વૃદ્ધિ અને વિકાસનું અનુકરણ કરવા માટે નિકાસ મહત્વપૂર્ણ છે, જે નિકાસ પ્રદર્શનને પ્રભાવિત કરતા પરિબળોને સમજવાની જરૂર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઈન્ડેક્સ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની નિકાસ સંબંધિત પરિમાણોમાં તેમની શક્તિઓ અને નબળાઈઓને ઓળખવા માટે વ્યાપક વિશ્લેષણ કરે છે.
- **EPI** ચાર સ્તંભોમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કામગીરીનું મૂલ્યાંકન કરે છે –
  1. નીતિ સ્તંભ
  2. બિઝનેસ ઈકોસિસ્ટમ
  3. નિકાસ ઈકોસિસ્ટમ
  4. નિકાસ પ્રદર્શન
- આ સ્તંભો આગળ દસ પેટા–સ્તંભો પર આધારિત છે.
- જેમાં નિકાસ પ્રોત્સાહન નીતિ, સંસ્થાકીય માળખું, વ્યાપાર પર્યાવરણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન જોડાણ, નિકાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વેપાર આધાર, સંશોધન અને વિકાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નિકાસ વૈવિધ્યકરણ અને ગ્રોથ ઓરિએન્ટેશનનો સમાવેશ થાય છે.
- આ ઈન્ડેક્સનો ઉપયોગ નિકાસમાંથી વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતા પડકારોનું વિશ્લેષણ કરવા માટે પણ થઈ શકે છે.
- તે વૈશ્વિક નિકાસ પરિદ્રશ્યમાં કેન્દ્રશાસિત પ્રદેશો અને દેશના રાજ્યો વચ્ચે નિષ્પક્ષ સ્પર્ધાને પ્રોત્સાહન આપે છે.

## રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક

તાજેતરમાં નીતિ આયોગે ‘રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક : પ્રગતિ સમીક્ષા 2023’ અહેવાલ બહાર પાડયો છે.

- જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં મોટી સંખ્યામાં લોકો બહુપરીમાણીય ગરીબીમાંથી બહાર આવી ગયા છે.
- નોંધનીય છે કે અગાઉ **UNDP** અને **OPHI** દ્વારા ‘વૈશ્વિક બહુપરિમાણીય ગરીબી સૂચકાંક 2023’ બહાર પાડવામાં આવ્યો હતો.

### રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક વિશે

આ રિપોર્ટ લેટેસ્ટ નેશનલ ફેમિલિ હેલ્થ સર્વે (2019-21) અને નેશનલ મલ્ટી ડાયમેન્શલ પોવર્ટી ઈન્ડેક્સ (MPI)ની બીજી આવૃત્તિના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

- રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંકનું પ્રથમ સંસ્કરણ વર્ષ 2021માં બહાર પાડવામાં આવ્યું હતું.
- આ ઈન્ડેક્સ ગરીબીને બહુવિધ પરિમાણોમાં માપવાનો પ્રયાસ કરે છે અને માથાદીઠ વપરાશ ખર્ચના આધારે હાલના ગરીબીના આંકડાઓને પૂરક બનાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અહેવાલના મુખ્ય મુદ્દાઓ

### બહુપરિમાણીય ગરીબીમાં ઘટાડો

- 2015-16 અને 2019-21ની વચ્ચે ભારતમાં બહુઆયામી ગરીબ વ્યક્તિઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો.
- આ સમયગાળા દરમિયાન લગભગ 13.5 કરોડ લોકો બહુઆયામી ગરીબીમાંથી બહાર આવ્યા હતા.

### ગરીબીની ટકાવારીમાં ઘટાડો

- બહુપરિમાણીય ગરીબીમાં જીવતી ભારતની વસતી 2015-16માં 24.85%થી ઘટીને 2019-21માં 14.96% થઈ ગઈ છે, જે 9.89 ટકા પોઈન્ટનો ઘટાડો દર્શાવે છે.

### ગ્રામીણ-શહેરી વિભાજન

- 2015-16 અને 2019-21 વચ્ચે ગરીબીનો દર 32.59%થી ઘટીને 19.28 થવા સાથે ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીમાં સૌથી ઝડપી ઘટાડો જોવા મળે છે.
- સમાન સમયગાળા દરમિયાન શહેરી વિસ્તારોમાં ગરીબીનો દર 8.65%થી ઘટીને 5.27% થયો હતો.

### રાજ્યકક્ષાની પ્રગતી

- MPI ગરીબોની સંખ્યાના સંદર્ભમાં, ઉત્તરપ્રદેશમાં ગરીબ વ્યક્તિઓની સંખ્યામાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યાં 34.3 મિલિયન લોકો બહુપરિમાણીય ગરીબીમાંથી બહાર આવ્યા હતા.
- બિહાર, મધ્યપ્રદેશ, ઓડિશા અને રાજસ્થાન રાજ્યોએ પણ બહુપરિમાણીય ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ જોઈ છે.
- બિહારમાં સંપૂર્ણ MPI મૂલ્યમાં સૌથી ઝડપી ઘટાડો જોવા મળ્યો (2019-21માં બહુપરિમાણીય ગરીબોના 51.89%થી વધીને 33.76%) ત્યારબાદ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS







**1.** તાજેતરમાં ભારત અને UAEની સેન્ટ્રલ બેંકોએ ભારતના UPI અને UAEના ઈન્સ્ટન્ટ પેમમેન્ટ પ્લેટફોર્મ (IPP) તથા RuPay Switchને UAESWITCH સાથે લિંક કરવા પર સહયોગ કરવા માટે એક સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. તેના સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. UPI અને IPP લિંક બંને દેશોના વપરાશકર્તાઓને ઝડપી, સુરક્ષિત અને ખર્ચ–અસરકારક ક્રોસ–બોર્ડર ટ્રાન્સફર કરવા સક્ષમ બનાવશે.
2. કાર્ડ સ્વિચ ઉમેરવાથી ઘરેલુ કાર્ડની પરસ્પર સ્વીકૃતિ સરળ બનશે અને કાર્ડ વ્યવહારોની પ્રક્રિયા સરળ બનશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) 1 અને 2 બંને સાચા
(C) માત્ર 2 (D) 1 અને 2 બંને ખોટા **(B)**

**2.** નીચેનામાંથી કયું 'નિકાસ તૈયારી સૂચકાંક' (EPI) બહાર પાડે છે ?

(A) વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (B) નીતિ આયોગ
(C) વિશ્વ બેંક (D) વિશ્વ વેપાર સંગઠન **(B)**

**3.** તાજેતરમાં નીતિ આયોગ દ્વારા 'Export Preparedness Index-2022' અથવા 'નિકાસ તૈયારી સૂચકાંક 2022' બહાર પાડ્યો છે. આ ઈન્ડેક્સમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) તમિલનાડુ (B) મહારાષ્ટ્ર
(C) કર્ણાટક (D) ગુજરાત **(A)**

**4.** તાજેતરમાં 'રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક : પ્રગતિ સમીક્ષા 2023' બહાર પાડવામાં આવ્યો છે. તેના વિશે નીચેના વિધાનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. આ સૂચકાંક નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.
2. આ સૂચકાંક અનુસાર ભારતમાં 1.2 મિલિયન ગરીબીમાં જીવે છે.
3. આ સૂચકાંક અનુસાર 2015-16 અને 2019-21ની વચ્ચે ભારતમાં બહુઆયામી ગરીબ વ્યક્તિઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 20 જુલાઈ, (1) વિશ્વ ચેસ દિવસ (International Chess Day)
## (2) આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ

### આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ



આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ દર વર્ષે 20 જુલાઈના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ વર્ષ 1969માં ચંદ્ર પર ઐતિહાસિક એપોલો 11 મિશનના ઉત્તરાણની યાદમાં મનાવવામાં આવે છે.
- આ દિવસે નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્રની ધરતી પર પગ મૂકી ઈતિહાસ રચ્યો હતો.

## ભારત-રશિયા વંદે ભારત ડીલ

રેલ વિકાસ નિગમ લિમિટેડ (RVNL)ની પેટાકંપની કિનેટ રેલવે સોલ્યુશન્સ લિમિટેડ સાથે બે રશિયન વ્યવસાયો લોકોમોટિવ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સ અને મેટ્રોવેગનમેશે શેર ખરીદી કરાર પર હસ્તાક્ષર કર્યા પછી તાજેતરમાં ભારત–રશિયા વંદે ભારત સંયુક્ત સાહસ કરારનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું.

- આ સંયુક્ત સાહસ (Joint Venture)નો ઉદ્દેશ્ય 120 વંદે ભારત ટ્રેન સેટ બનાવવાનો છે.
- આ સંયુક્ત સાહસ જૂન 2025 સુધીમાં બે પ્રોટોટાઈપ ટ્રેનો વિકસાવવાનું લક્ષ્ય રાખે છે.
- આ હેઠળ ટ્રેન સપ્લાય માટે 1.8 બિલિયન ડોલર અને જાળવણી માટે 2.5 બિલિયનના કુલ રોકાણ સાથે 35 વર્ષ માટે જાળવણી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાતમાં 69માં ફિલ્મફેર એવોર્ડ્સ 2024ના આયોજન માટે TCGL અને વર્લ્ડ વાઈડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે MoU




ગુજરાતમાં પ્રથમવાર આયોજિત થનારા 69માં ફિલ્મફેર એવોર્ડ્સ દ્વારા ગુજરાત દેશમાં ફિલ્મ ડેસ્ટિનેશન સ્ટેટ તરીકે પ્રમોટ થશે.

- આ 69માં ફિલ્મફેર એવોર્ડ્સના આયોજન માટે રાજ્ય સરકારના 'ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ (TCGL) અને વર્લ્ડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે MoU કરવામાં આવ્યા હતા.

- ગુજરાત રાજ્ય સરકારે 2022માં જાહેર કરેલી સિનેમેટીક ટુરીઝમ પોલિસીને પગલે ગુજરાતમાં ફિલ્મ ઉદ્યોગો આકર્ષિત થયા છે.
- તેમાં આ ફિલ્મફેર એવોર્ડ–2024નું આયોજન વધુ એક સિમાચિહ્ન બનશે.
- ગુજરાતમાં પ્રથમ વખત ફિલ્મફેર એવોર્ડ આયોજિત થવા જઈ રહ્યો છે.
- આ MoU પર ગુજરાત રાજ્ય સરકાર વતી પ્રવાસન નિગમના એમ. ડી. સૌરભ પારઘી અને વર્લ્ડ વાઈડ મીડિયા વતી સી.ઈ.ઓ દિપક લાંબાએ હસ્તાક્ષર કર્યા હતા.
- ફિલ્મફેર એવોર્ડ્સનું આયોજન ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને ગુજરાતની સ્થાનિક સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન સરળ બનાવશે.

## THURSDAY Questions

**1.** 'આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જુલાઈ (B) 21 જુલાઈ (C) 22 જુલાઈ (D) 23 જુલાઈ — **(A)**

**2.** 'આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જુલાઈ (B) 21 જુલાઈ (C) 22 જુલાઈ (D) 23 જુલાઈ — **(A)**

**3.** તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે વંદે ભારત સંયુક્ત સાહસ કરારનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું ?

A) ફ્રાન્સ (B) રશિયા (C) યુ.એ.ઈ. (D) અમેરિકા — **(B)**

**4.** 69માં ફિલ્મફેર એવોર્ડ્સ 2024નું આયોજન કયા રાજ્યમાં થશે ?

A) મધ્યપ્રદેશ (B) ઉત્તરપ્રદેશ

(C) અરૂણાચલ પ્રદેશ (D) ગુજરાત — **(D)**

**5.** ગુજરાતમાં 69માં ફિલ્મફેર એવોર્ડ્સ 2024ના આયોજન માટે કોની કોની વચ્ચે MoU થયા છે ?

A) ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અને વર્લ્ડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ


(B) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને વર્લ્ડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ

(C) અદાણી ઈન્ડસ્ટ્રીઝ અને વર્લ્ડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ

(D) કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અને વર્લ્ડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ — **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Henley Passport Index 2023




Henley & Partners દ્વારા જુલાઈ 2023 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્ષ 2023ના Passport Indexમાં વિવિધ દેશોમાં ભારત 80મા ક્રમે છે.

- ભારતના પાસપોર્ટ ધારકને 57 દેશમાં વિઝા મુક્ત પ્રવેશ મળે છે.
- આ અગાઉ પ્રસિદ્ધ થયેલા ઈન્ડેક્સમાં ભારત 87માં ક્રમે હતું.
- જ્યારે આ ઈન્ડેક્સમાં સિંગાપોર પ્રથમ ક્રમે છે. સિંગાપોરનો પાસપોર્ટ હવે વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ છે, સિંગાપોર 192 વૈશ્વિક સ્થળોની વિઝા–મુક્ત એક્સેસ ધરાવે છે.
- ત્યારબાદ આ ઈન્ડેક્સમાં બીજા ક્રમે જર્મની, ઈટાલી અને સ્પેન છે.
- તથા ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, જાપાન,લક્ઝમબર્ગ, દક્ષિણ કોરિયા અને સ્વીડન ત્રીજા ક્રમે છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં અંતિમ ક્રમે અફઘાનિસ્તાન છે.

### Henley Passport Index 2023 Rank

| Rank | Passport\Country | Access |
|---|---|---|
| 1 | સિંગાપોર | 192 |
| 2 | જર્મની, ઈટાલી, સ્પેન | 190 |
| 3 | ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, જાપાન, લક્ઝમબર્ગ, દક્ષિણ કોરિયા, સ્વીડન | 189 |
| 4 | ડેનમાર્ક, આયર્લેન્ડ, નેધરલેન્ડ અને યુનાઈટેડ કિંગ્ડમ | 188 |
| 5 | બેલ્જિયમ,ચેક રિપબ્લિક, માલ્ટા, ન્યુઝીલેન્ડ, નોર્વે, પોર્ટુગલ, સ્વિત્ઝલેન્ડ | 187 |
| 80 | ભારત, ટોગો, સેનેગલ | 57 |

**નોંધ :** (1) 'હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ' એ વિશ્વના તમામ પાસપોર્ટની મૂળભૂત રેન્કિંગ છે, જે દર્શાવે છે કે કોઈ ચોક્કસ દેશમાંથી પાસપોર્ટ ધારક અગાઉના વિઝા વિના કેટલા દેશોમાં મુસાફરી કરી શકે છે.

(2) આ ઈન્ડેક્સની સ્થાપના મૂળરૂપે ડો. ક્રિશ્ચિયન એચ કેલિન દ્વારા કરવામાં આવી હતી.

(3) વર્ષ 2006માં તેને લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્સ 199 પાસપોર્ટની રેન્કિંગ પ્રદાન કરે છે. આ ઉપરાંત 227 પ્રવાસ સ્થળોને આવરી લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# શ્રી રાકેશ પાલ ભારતીય કોસ્ટ ગાર્ડના મહાનિર્દેશક તરીકે નિયુક્ત



શ્રી રાકેશ પાલને ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)ના 25માં મહાનિર્દેશક (DG) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- શ્રી રાકેશ પાલ ઈન્ડિયન નેવલ એકેડેમીના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- તેઓ જાન્યુઆરી, 1989માં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડમાં જોડાયા હતા.
- શ્રી રાકેશ પાલે ગનરી અને વેપન્સ સિસ્ટમ્સ અને ઈલેક્ટ્રો–ઓપ્ટિક્સ ફાયર કંટ્રોલ સોલ્યુશન્સમાં વિશેષ તાલીમ લીધી છે.
- તેમના કૌશલ્યો અને જ્ઞાનને માન આપવા પ્રત્યેના તેમના સમર્પણના કારણે તેમને ICGના પ્રથમ ગનર બનવાની માન્યતા મળી છે, જે આ ક્ષેત્રમાં તેમની કુશળતાનો પુરાવો છે.
- તેમની વિશિષ્ટ કારકિર્દી દરમિયાન રાકેશ પાલે ભારતીય કોસ્ટ ગાર્ડમાં અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા છે.
- શ્રી રાકેશ પાલના વિશાળ દરિયાઈ અનુભવમાં ICG જહાજોની વિવિધ શ્રેણીઓના કમાન્ડિંગનો સમાવેશ થાય છે.
- તેમણે ICGS સમર્થ, ICGS વિજિત, ICGS સૂચેતા કૃપલાની, ICGS અહલ્યાબાઈ અને ICGS C-03 પરના મિશનનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)

ભારતીય કોસ્ટ ગાર્ડનું ગઠન 1 ફેબ્રુઆરી, 1977ના રોજ થયું હતું.

- આથી, ભારતમાં દર વર્ષે 1 ફેબ્રુઆરીના રોજ 'ભારતીય કોસ્ટ ગાર્ડ' દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતીય સૈન્યદળ હવા, પાણી અને જમીનની તથા દેશની સુરક્ષા માટે હંમેશા તત્પર રહે છે. આ સાથે ભારતીય કોસ્ટગાર્ડનું યોગદાન પણ ખૂબ મહત્ત્વનું છે. જે ભારતીય તટની સુરક્ષા માટે ચોવીસ કલાક જાગૃત રહે છે.
- ભારતીય કોસ્ટ ગાર્ડ 'સંરક્ષણ મંત્રાલય' હેઠળ કાર્ય કરે છે.
- સમુદ્ર કિનારાની રક્ષા અને સુરક્ષા માટે કોસ્ટ ગાર્ડ જવાબદાર છે જ્યારે સમુદ્ર કિનારાની સામે એટલે કે સમુદ્રની રક્ષા નૌસેના કરે છે.
- કોસ્ટ ગાર્ડ સરહદથી થતી દાણચોરી અને ગેરકાયદે થતી ઘૂસણખોરીને અટકાવે છે.

1. હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા જુલાઈ 2023માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2023'માં ભારત કયા ક્રમે છે ?

(A) 80 (B) 83 (C) 87 (D) 90

**(A)**

2. હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા જુલાઈ 2023માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2023'માં પ્રથમ ક્રમે કયો/કયા દેશ છે ?

(A) ફિનલેન્ડ અને જાપાન
(B) જર્મની, જાપાન
(C) સિંગાપોર
(D) જાપાન, સ્પેન

**(C)**

3. હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા જુલાઈ 2023માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2023'માં બીજા ક્રમે કયો/કયા દેશ છે ?

(A) જાપાન, સ્પેન, નેધરલેન્ડ, આયર્લેન્ડ
(B) જર્મની, ઈટાલી, સ્પેન
(C) ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, જાપાન
(D) ડેનમાર્ક, આયર્લેન્ડ, નેધરલેન્ડ, યુનાઈટેડ કિંગ્ડમ

**(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)ના મહાનિર્દેશક (DG) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી રાકેશ અગ્રવાલ
(B) શ્રી રાકેશ પાલ
(C) શ્રી રાકેશ અસ્થાના
(D) શ્રી રાકેશ બલ્દોરિયા

**(B)**

5. ભારતીય કોસ્ટ ગાર્ડ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારતીય કોસ્ટ ગાર્ડની 'રુસ્તમજી સમિતિ'ની ભલામણ પર સ્થાપના કરવામાં આવી હતી.
2. ભારતીય કોસ્ટ ગાર્ડ સંરક્ષણ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
3. દર વર્ષે 1 ફેબ્રુઆરીના રોજ 'ભારતીય કોસ્ટ ગાર્ડ' દિવસની ઉજવણી કરવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

**(D)**

## દિવસ મહિમા : 22 જુલાઈ, (1) રાષ્ટ્રીય કેરી દિવસ (National Mango Day)
## (2) વિશ્વ મગજ દિવસ (World Brain Day)

### રાષ્ટ્રીય કેરી દિવસ



ભારતમાં દર વર્ષે 22 જુલાઈના રોજ 'નેશનલ મેન્ગો ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રસદાર ફળ કેરી વિશે વધારેમાં વધારે માહિતી ફેલાવવાનો છે.
- કેરીનું વૈજ્ઞાનિક નામ 'મેંગીફેરા ઈન્ડિકા' (Mangifera Indica) છે.
- અને તે કાજૂ પરિવાર (Anacardiaceae)નું સભ્ય છે.
- તેમાં વિટામિન A, C અને D ભરપૂર માત્રામાં હોય છે.

નોંધ : (1) ભારતના કેરળમાં કન્નુર જિલ્લાના કન્નપુરમને 'સ્વદેશી મેન્ગો હેરિટેજ એરિયા' જાહેર કરવામાં આવ્યો છે.

(2) આ વિસ્તારમાં 200 થી વધુ જાતો ઉગાડવામાં આવે છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચક્રવાત બિપરજોયથી અસરગ્રસ્ત વિસ્તારો માટે રૂ. 240 કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની ગુજરાત સરકારે બિપરજોય ચક્રવાત દરમિયાન તેમના પાકને નુકસાન વેઠનારા ખેડૂતો માટે રૂ. 240 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે.

- ચક્રવાતને કારણે થયેલા નુકસાન અંગે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની વિગતવાર સમીક્ષા બાદ આ પેકેજની જાહેરાત કરવામાં આવી હતી.
- આ રાહત પેકેજની વિગતો આપતા કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ચક્રવાતને કારણે મુખ્યત્વે કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં 1.30 લાખ હેક્ટર જમીન પર બાગાયત અને અન્ય પાકોને નુકસાન થયું છે.
- તેમણે ઉમેર્યુ હતું કે 311 ટીમોએ આ ચક્રવાતથી પ્રભાવિત થયેલા નુકસાનનું સર્વેક્ષણ કર્યુ હતું. અને રાજ્ય સરકારે સૌથી વધુ અસરગ્રસ્ત બે જિલ્લાઓમાં ખેડૂતોને મદદ કરવા માટે રૂ. 240 કરોડના પેકેજની જાહેરાત કરી હતી.
- રાજ્ય સરકાર ખાસ કિસ્સાઓમાં બારમાસી બાગાયત અને અન્ય પાકો સાથેના ખેતરોમાં 10% થી 33% વૃક્ષો ઉખડી ગયા હોય/નુકસાન થયું હોય કે પડી ગયા હોય તેવા કિસ્સામાં પ્રતિ હેક્ટર રૂ. 25,000 ચૂકવશે.
- જો બારમાસી બાગાયત પાકોમાંથી 33% જડમૂળથી પડી ગયા હોય/તૂટે અને નાશ પામે તો SDRFના ધોરણો મુજબ રૂ. 22,500 પ્રતિ હેક્ટર રાજ્યના ભંડોળમાંથી ફાળવશે.

- આ ઉપરાંત 1,02,500 પ્રતિ હેક્ટર વિશેષ કિસ્સાઓમાં ફાળવવામાં આવ્યા છે અને કુલ સહાય રૂ. 1,25,000 પ્રતિ હેક્ટરની સહાય જાહેર કરવામાં આવી છે.
- આ સહાય ખાતા દીઠ મહત્તમ 2 હેક્ટર સુધી ઉપલબ્ધ રહેશે. (જમીન રેકોર્ડ 8A મુજબ)

## વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે

નવેમ્બર 2024 સુધીમાં ગુજરાતના વડોદરામાં સંપૂર્ણ રીતે કાર્યરત ફેક્ટરીની સ્થાપના સાથે ભારતના એરોસ્પેસ ઉદ્યોગને નોંધપાત્ર વેગ મળવાની તૈયારીમાં છે.

- આ ફેક્ટરી પ્રથમ ભારતીય નિર્મિત મિલિટરી ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ C295ના ઉત્પાદનમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.
- મહત્વાકાંક્ષી 'મેક ઈન ઈન્ડિયા' એરોસ્પેસ પ્રોગ્રામ હેઠળ તેનો હેતુ ખાનગી ક્ષેત્રમાં ભારતની ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત કરવાનો છે.
- નોંધનીય છે કે 30 ઓક્ટોબર, 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડોદરામાં C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ સુવિધાનો શિલાન્યાસ કર્યો હતો.
- વડોદરામાં સ્થિત C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ મેન્યુ ફેક્ચરિંગ ફેસેલિટી તેના પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ હશે. જેમાં ખાનગી કંપની દ્વારા ભારતમાં લશ્કરી એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે.
- આ પ્રોજેક્ટ યુરોપિયન ઉડ્ડયન અગ્રણી એરબસ (Airbus) અને ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ (TASL)–ટાટા જૂથની સરંક્ષણ શાખા દ્વારા સંયુક્ત રીતે અમલમાં મુકવામાં આવશે.
- આ સુવિધા ભારતીય વાયુસેના દ્વારા ઉપયોગમાં લેવાતા 40 295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે.
- આ એરક્રાફ્ટ 2023 થી 2031 દરમિયાન ભારતીય વાયુસેનાને આપવામાં આવશે.
- પ્રથમ 40 ફ્લાય–વે એરક્રાફ્ટ સપ્ટેમ્બર 2023 અને ઓગસ્ટ 2025 વચ્ચે પ્રાપ્ત થશે.
- જ્યારે ભારતમાં બનેલા એરક્રાફ્ટની ડિલિવરી 2026થી કરવામાં આવશે.

નોંધ : (1) સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ સપ્ટેમ્બર, 2021માં સ્પેન સ્થિત એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ પાસેથી 56 C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટની ખરીદીને મંજૂરી આપી હતી. અને તે જ મહિનામાં સંરક્ષણ મંત્રાલયે કંપની સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

(2) આ કરારના ભાગરૂપે 16 એરક્રાફ્ટ ફ્લાય–વે સ્થિતિમાં પહોંચાડવામાં આવશે અને 40 એરક્રાફ્ટનું ઉત્પાદન ભારતીય કંપની TASLના નેતૃત્વમાં ટાટા કન્સોર્ટિયમ દ્વારા કરવામાં આવશે.

(3) ભારતીય વાયુસેનાને 56 એરક્રાફ્ટની ડિલિવરી કર્યા પછી એરબસ ડિફેન્સ અને સ્પેસને ભારતમાં ઉત્પાદિત એરક્રાફ્ટ સિવિલ ઓપરેટરોને વેચવાની અને ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલા દેશોમાં નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**1.** ભારતમાં 'નેશનલ મેન્ગો ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જુલાઈ (B) 21 જુલાઈ (C) 22 જુલાઈ (D) 23 જુલાઈ **(C)**

**2.** 'વિશ્વ મગજ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જુલાઈ (B) 21 જુલાઈ (C) 22 જુલાઈ (D) 23 જુલાઈ **(C)**

**3.** તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચક્રવાત બિપરજોયથી અસરગ્રસ્ત વિસ્તારો માટે .......... કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી છે.

(A) રૂ. 240 કરોડ (B) રૂ. 220 કરોડ

(C) રૂ. 340 કરોડ (D) રૂ. 320 કરોડ **(A)**

**4.** કયા શહેરમાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફટનું ઉત્પાદન કરવામાં આવશે ?

(A) વડોદરા (B) જોધપુર (C) લખનૌ (D) મુંબઈ **(A)**

**5.** વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફટનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ કોના દ્વારા સંયુક્ત રીતે અમલમાં મૂકવામાં આવશે ?

(A) MAN - HAL (B) L&T HAL (C) Adani-L&T (D) Airbus-TASL **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




## ગુજરાત

### ➤ અમદાવાદ એરપોર્ટને રાષ્ટ્રીય એવોર્ડ



અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ(SVPIA) ફરી એકવાર ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા પુરવાર કરવામાં મેદાન માર્યુ છે. SVPIAને ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા (QCFI)ની નવમી નેશનલ કોન્કલેવમાં ત્રણ એવોર્ડ જીતીને શ્રેષ્ઠ કાર્યક્ષમ એરપોર્ટનો ખિતાબ હાંસલ કર્યો છે. SVPIAને '5S' અંતર્ગત પર એક્સેલન્સ કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો છે. આ સાથે જ એરપોર્ટ શ્રેષ્ઠતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સાબિત કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ એકતાનગરમાં ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રૂપ (TIWG)ની બેઠક



ગુજરાત G20 અંતર્ગતની અનેક બેઠકોની યજમાની કરી રહ્યું છે. આ અંતર્ગત તાજેતરમાં એકતાનગર, કેવડિયા ખાતે ત્રીજી ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રૂપ (TIWG)ની બેઠક યોજાઈ હતી. ત્રણ દિવસીય યોજાયેલી TIWG બેઠકમાં G20 સભ્ય દેશો, આમંત્રિત દેશો, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના 75થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં G20 પ્રતિનિધિઓએ વૈશ્વિક વેપાર અને રોકાણના મુદ્દાઓ પર એક્શન–ઓરિએન્ટેડ કી ડિલિવરેબલ્સ અંગે વિચાર–વિમર્શ કર્યો હતો. આ ઉપરાંત G20 ડેલિગેશને નર્મદા ડેમની પણ મુલાકાત લીધી હતી.

## ભારત

➤ **AI ફોર ઈન્ડિયા 2.0**

કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયે AI ફોર ઈન્ડિયા 2.0 નામનો એક નવીન AI તાલીમ કાર્યક્રમ શરૂ કર્યો છે. આ નિઃશુલ્ક ઓનલાઈન તાલીમ કાર્યક્રમનો ઉદ્દેશ્ય યુવાનોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ (AI)માં આવશ્યક કૌશલ્યોથી સજ્જ કરવાનો છે. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ (15 જુલાઈ) પર આ કાર્યક્રમનો પ્રારંભ એ યુવાનોને સશક્ત બનાવવા અને તકનીકી પ્રગતિને પ્રોત્સાહન આપવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. AI ફોર ઈન્ડિયા 2.0 પ્રોગ્રામ એ સ્કિલ ઈન્ડિયા અને GUVI, IIT મદ્રાસ અને IIM અમદાવાદની ઈન્ક્યુબેટેડ કંપની વચ્ચે સંયુક્ત પહેલ છે.




➤ **ભૂમિ સન્માન 2023 એનાયત કરવામાં આવશે**

ભૂમિ સન્માન 2023 ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 18 જુલાઈ, 2023ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે પ્રદાન કરવામાં આવશે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સમારંભનો ઉદ્દેશ ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ (DILRMP)ના અમલીકરણમાં વ્યક્તિઓ અને ટીમોના ઉત્કૃષ્ટ પ્રદર્શનને ઓળખવાનો છે. કુલ 9 રાજ્ય સચિવો અને 68 જિલ્લા કલેક્ટર તેમની સમર્પિત ટીમો સાથે તેમની અસાધારણ સિદ્ધિઓ માટે પ્રતિષ્ઠિત 'ભૂમિ સન્માન' પ્રાપ્ત કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **CRCS - સહારા રિફંડ પોર્ટલ**

સહકારી મંત્રાલય નવી દિલ્હીમાં 'CRCS–સહારા રિફંડ પોર્ટલ'નું ઉદ્ઘાટન કરશે જે સહારા ગ્રુપ ઓફ કોઓપરેટિવ સોસાયટીઝના થાપણદારોની ફરિયાદોની નિરાકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ સમર્પિત પોર્ટલનો હેતુ રૂપિયાની વિતરણ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ 'સહારા–સેબી રિફંડ એકાઉન્ટ'માંથી 5000 કરોડ સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઓફ કોઓપરેટિવ સોસાયટીઝ (CRCS)ને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. વાસ્તવિક થાપણદારો હવે આ ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા તેમના દાવા સબમિટ કરે છે.

➤ **Festival of Libraries**

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે **5** થી **6** ઓગસ્ટ **2023**ના રોજ યોજનાર બે દિવસીય કાર્યક્રમ **'Festival of Libraries'**નું ઉદ્દઘાટન કરશે. આ ફેસ્ટિવલનું આયોજન કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ ઈવેન્ટ પુસ્તકો, વિચારો અને સાંસ્કૃતિક વારસાની વૈવિધ્યસભર દુનિયાને પ્રદર્શિત કરતી એક નિમજ્જન અનુભવનું વચન આપે છે. આ ફેસ્ટિવલ વિવિધ રુચિઓ અને વયજૂથોને પૂરી કરતી મનમોહક પ્રવૃત્તિઓની શ્રેણી ઓફર કરે છે. પ્રતિભાગીઓ વિચારપ્રેરક પ્રદર્શનો, પુસ્તક–લેખક સત્રો અને બાળકો માટે જ્ઞાનવર્ધક વર્કશોપમાં સામેલ થઈ શકે છે.

## વિશ્વ

➤ **યુનિસ ન્યૂટન ફૂટ**

તાજેતરમાં ગૂગલ/ડૂડલે અમેરિકન વૈજ્ઞાનિક યુનિસ ન્યૂટન ફૂટનો **204**મો જન્મ દિવસ ઉજવ્યો હતો. યુનિસ ન્યૂટન ફૂટે **1856**માં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડની ખતરનાક અસરોની શોધ કરી હતી. જેને ગ્રીનહાઉસ ઈફેક્ટ તરીકે ઓળખવામાં આવે છે. સુશ્રી યુનિસ ન્યૂટન ફૂટનો જન્મ કનેક્ટિકટમાં થયો હતો. અને તેનો ઉછેર ન્યુયોર્કમાં થયો હતો. બહારની હવાની સરખમણીમાં જ્યારે ગરમ હવા થાય ત્યારે તેણે વિવિધ તાપમાનનું અવલોકન કર્યુ હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS






# QUESTION OF THIS WEEK

1. ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ દ્વારા ખરીદીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને કેટલા એવોર્ડ મળ્યા હતા ? – સાત
2. તાજેતરમાં કયા શહેરમાં U-20 મેમોરિયલ પાર્કનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે ? – અમદાવાદ
3. તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે હરિયાળી મહોત્સવ 2023 યોજાયો હતો ? – દ્વારકા
4. તાજેતરમાં 43 ભારતીય સૈન્ય જવાનોની ટુકડી 'Nomadic Elephant - 23'ની 15મી આવૃત્તિમાં ભાગ લેવા માટે ................ જવા રવાના થઈ છે. – મંગોલિયા
5. સુશ્રી પારુલ ચૌધરી કઈ રમત સાથે સંકળાયેલ છે ? – દોડ

   (તાજેતરમાં ભારતની લાંબા અંતરની રનર સુશ્રી પારુલ ચૌધરીએ એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના છેલ્લા દિવસે 5000 મીટર દોડમાં સિલ્વર મેડલ સાથે બીજો મેડલ જીત્યો છે.)
6. તાજેતરમાં કઈ સંસ્થાએ ‘2023 એમ્પ્લોયમેન્ટ આઉટલુક’ રિપોર્ટ બહાર પાડયો છે ? – OECD
7. તાજેતરમાં સમાચારોમાં રહેલું લૂવર મ્યુઝિયમ કયા દેશમાં આવેલું છે ? – ફ્રાન્સ
8. તાજેતરમાં કયા દેશે હ્વાસોંગ-18 ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસિટક મિસાઈલ લોન્ચ કરી છે ? – ઉત્તર કોરિયા
10. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે રૂપિયામાં વ્યવહાર શરૂ કર્યો છે ? – બાંગ્લાદેશ
11. નાટો સમિટનું આયોજન કરનાર વિલ્નિયસ કયા દેશમાં આવેલું છે ? – લિથુઆનિયા
12. યુએનના ડેટા અનુસાર છેલ્લા 15 વર્ષમાં ભારત દ્વારા કેટલા લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે ? – 41.5 કરોડ
13. ...............રાજ્યમાં મેલેરિયા અને ડેન્ગ્યુ સામે લડવા માટે ગેમ્બુસિયા માછલીનો ઉપયોગ કરવામાં આવશે. – આંધ્રપ્રદેશ
14. કયો દેશ ‘પરંપરાગત દવાઓ પર ASEAN દેશોની પરિષદ’નું યજમાન છે ? – ભારત
15. ‘કાસ ઉચ્ચપ્રદેશ’, જે તાજેતરમાં સમાચારમાં હતો તે કયા રાજ્યમાં છે ? – મહારાષ્ટ્ર
16. કઈ સંસ્થાએ ‘હેલ્ધી રેસિપીસ ફોર ડિફેન્સ’ નામનું પુસ્તક તૈયાર કર્યું છે ? – FSSAI
17. G20 નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરોની બેઠક કયાં યોજાઈ હતી ? – ગુજરાત

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**18.** 'ડ્રગ્સ ટ્રાફિકિંગ એન્ડ નેશનલ સિક્યુરિટી' પર પ્રાદેશિક પરિષદ કયા યોજાઈ હતી ? – નવી દિલ્હી

**19.** ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – જસ્ટિસ સુનિતા અગ્રવાલ

**20.** ..............માં તાજેતરમાં 'ચચીન ચરાઈ ઉત્સવ' ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે યોજાયો હતો.

– તવાંગ પ્રદેશ (અરૂણાચલ પ્રદેશ)

**21.** ...........રાજ્યમાં 'CM Rise School'ની સ્થાપના કરવામાં આવશે. – મધ્યપ્રદેશ

**22.** ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) એ કઈ સંસ્થાના સહયોગથી 'IEA Oil 2023-Supply and demand dynamics to 2028' રિપોર્ટ બહાર પાડયો છે ? – પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ

**23.** કયો દેશ ગ્લોબલ ફૂડ રેગ્યુલેટર સમિટ 2023નું આયોજન કરી રહ્યો છે ? – ભારત

**24.** 'નામદા' એક પ્રકારની ચાદર/ગાદલું છે તે કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલું છે ? – જમ્મુ કાશ્મીર

**25.** .......................ના પાલોડમાં ટાઈગર ઓર્કિડ (ગ્રામટોફિલમ સ્પેસિઓસમ) ખીલે છે. આ છોડને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ દ્વારા વિશ્વના સૌથી ઊંચા ઓર્કિડ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યો હતો.


– જવાહરલાલ નહેરુ ટ્રોપિકલ બોટેનિક ગાર્ડન એન્ડ ઈન્સ્ટિટ્યૂટ (JNTBGRI)

**26.** તાજેતરમાં જોવામાં આવેલ 'સિંક્રો' કઈ રમત સાથે સંબંધિત છે ? – તરણ (સ્વિમિંગ)


**27.** ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા વેંચવામાં આવતી સબસિડીવાળી ચણાની દાળનું બ્રાન્ડ નામ શું છે ?

– ભારત દાળ

INSTITUTE FOR COMPETITIVE EXAMS



આ પુસ્તકની ઓફર માત્ર www.iceonline.in પર ઉપલબ્ધ છે.



આ પુસ્તકની ઓફર માત્ર www.iceonline.in પર ઉપલબ્ધ છે.


ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
CONGRATULATIONS
GPSC દ્વારા લેવાતી Designated Officerની ભરતીમાં
સમગ્ર ગુજરાતમાં 1st RANK
મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન !
Shri Dhaval Solanki
Designated Officer, G.S.S., Class-I
Commissionerate of Food and Drugs Control Administration
CONGRATULATIONS
GPSC દ્વારા લેવાતી Designated Officerની ભરતીમાં
સમગ્ર ગુજરાતમાં 9th RANK
મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન !
Shri Amitkumar Panchal
Designated Officer, G.S.S., Class-I
Commissionerate of Food and Drugs Control Administration

# "DAILY PLAN" સાથે "DAILY TARGET"
## ACHIEVE કરાવતો એકમાત્ર કોર્ષ

# GPSC STRATEGY COURSE
Only Prelims

**85 DAYS Master Plan**

### Class 1/2, Dy.S.O., STI, TDO



| Daily Target • Recorded Video Lecture Study | Without Material | With Material Books |
|---|---|---|
| 3 MONTHS VALIDITY | ~~₹12000/-~~ ₹2999/- | ~~₹20000/-~~ ₹4999/- |
| 6 MONTHS VALIDITY | ~~₹14000/-~~ ₹3499/- | ~~₹22000/-~~ ₹5499/- |
| 12 MONTHS VALIDITY | ~~₹15600/-~~ ₹3899/- | ~~₹23600/-~~ ₹5899/- |

**75% BIG DISCOUNT**

આ ઓફર માત્ર
31 જુલાઈ, 2023 સુધી જ

અત્યારે જ iceonline App ડાઉનલોડ કરો

Google Play | Download on the App Store

93773-01110
(10:00am to 6:00pm)

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT